


# સનાતન સારથિ ગુજરાતી

સપ્ટેમ્બર – ૨૦૨૫

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટ્ટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦

સંપાદકીય

# ''તેમના (સ્વામીના) સંદેશને જીવીએ''

સ્વામીનાપ્રેમના મૂર્ત સ્વરૂપો!

જેમ જેમ આપણે આ સપ્ટેમ્બર મહિનામાં પ્રવેશ કરીએ છીએ, તેમ તેમ સનાતન સારથિના પાના 'તેમના' શાશ્વત સંદેશથી ગુંજી ઉઠે છે - જેવો કે, જ્યારે જીવન ધર્મના પ્રકાશમાં જીવવામાં આવે છે, ત્યારે તે પ્રેમની અર્પણામાં ખીલી ઉઠે છે.

આ આવૃત્તિ ભગવાનની અવતાર વાણીથી શરૂ થાય છે, જે આપણને કૃષ્ણની રમતિયાળ છતાં ગહન લીલાઓ દ્વારા યાદ અપાવે છે કે દિવ્યતાની સમજ દેખાવ દ્વારા નહીં, પરંતુ તેના આંતરીક સત્યથી થવી જોઈએ.

રામકથા રસવાહિની તેના અવિરત પ્રવાહને ચાલુ રાખે છે, જ્યાં યુવાન રામનું મૌન અને ચિંતન બધાને આશ્ચર્યચકિત કરે છે, જે યોગ વસિષ્ઠના કાલાતીત જ્ઞાન તરફ દોરી જાય છે. અહીં આપણને સ્મરણ કરાવવામાં આવે છે કે દરેક સ્વરૂપ પાછળ તેજસ્વી નિરાકાર આત્મા રહેલો છે.

ચિન્નકથા (લઘુકથા) એક વેધક સત્ય રજૂ કરે છે - ઘણી વાર આપણે ગુરુની છબીની પૂજા કરીએ છીએ અને આપણા દ્વાર પર તેમની જીવંત હાજરી ભૂલી જઈએ છીએ.

ત્યાંથી, ઓમ શ્રી સાઈ સત્પુરુષાય નમઃ પર અષ્ટોત્તર શતાનામાવલીના ધ્યાન દ્વારા આપણને એ અનુભૂતિ થાય છે કે તેઓ (સ્વામી) દરેક ''સદ્દપુરુષ''માં વસે છે જેનુ હૃદય અનાસક્તિ, સેવા અને કરુણા દ્વારા વિકસિત થયેલુ હોય. તેમાં 'તેઓ' પૂર્ણ જ્યોતિ સ્વરૂપે પ્રકાશિત રહે છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થી મંચ (Alumni Forum) આપણને સ્વામીની સર્વજ્ઞતાની આત્મીયતામાં લઈ જાય છે - પછી ભલે તે તેમના (સ્વામી) દ્વારા ગુંજતા રમતિયાળ બાળગીત હોય, અથવા ભયની ચેતવણી આપતું સ્વપ્ન હોય, અથવા ''બધાને સાથે લઈ જજો'' ની સરળ સૂચના હોય. આ ઝલકો આપણને યાદ અપાવે છે કે તેમની હાજરી દરેક ક્રિયામાં વ્યાપ્ત છે.

પ્રેમનાં (સ્વામીનાં) પ્રેમસંદેશા (Letters Of Love) આપણને તેમના અંતરયામી સ્વરૂપની સતત જાગૃતિમાં જીવવા માટે આમંત્રિત કરે છે - આપણી ભૂલોને વિલિન કરવા, તેમના ઉદ્ધારક પ્રકાશમાં આત્માને શુદ્ધ કરવા, અને અંતે તેમની સાથે જ્યોતિર્મય એકતામાં એકરૂપ થવા.

પછી આપણે પ્રશાંતિની ઉજવણીમાં આગળ વધીએ છીએ - દેશભક્તિના ઉત્સાહથી ભરેલા ૭૯ મા સ્વતંત્રતા દિવસથી લઈને ભક્તિથી સુશોભિત કૃષ્ણ જન્માષ્ટમી, રમતગમત અને મૂલ્યોનું મિશ્રણ કરતી શ્રી સત્ય સાઈ નેશનલ ક્રિકેટ લીગ, ૪૦ મા MBA Day, સ્વામીના ચાર દાયકાના સીધા માર્ગદર્શનની યાદ અપાવે છે. દરેક ઘટના તેમણે આપેલા ભરોસાને પ્રતિબિંબિત કરે છે કે બાહ્ય પ્રવૃત્તિઓ ફક્ત આંતરિક પરિવર્તનથી જ અર્થપૂર્ણ બને છે.

''ભગવાન સાથે રહેવું એ સાચું શિક્ષણ છે'' નામનો એક હૃદયસ્પર્શી લેખ, સ્વામીએ શિક્ષણ અને માનવ સંસાધનને કેવી રીતે ફરીથી વ્યાખ્યાચિત કર્યું તેનું વર્ણન કરે છે, શિક્ષકોને ફરિયાદ કરવાને બદલે પ્રેરણા આપવા વિનંતી કરે છે, અને યાદ અપાવે છે કે દરેક વિદ્યાર્થી સ્વામીની પોતાની ભેટ છે.

ચેન્નાઈ, હરિયાણા, ચંદીગઢ, તેલંગાણા, વિશાખાપટ્ટનમ અને ઝોન ૬ દેશોના યાત્રાધામ અહેવાલો પુષ્ટિ આપે છે કે પ્રશાંતિ આજે પણ તેમના દૈવી મિશનની દીવાદાંડી છે.

પ્રિય વાચકો, આ અંકનું દરેક પાનું એક યાદ અપાવે છે કે સ્વામી પ્રેમના દરેક કાર્યમાં, સાધનાના દરેક પગલામાં, સ્વપરિવર્તનના દરેક પ્રયાસમાં જીવે છે. જેમ તેમણે એક વખત કહ્યું હતું,

**''તમારે તમારા જીવનને એવી રીતે જીવવું જોઈએ કે તમારું જીવન જ મારો સંદેશ બની જાય.''**

**-સંપાદક મંડળ**

# સનાતન સારથિ

## સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક

**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**
મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૪ ▪ અંક ૩૩૯/૫૭**

એક અંકની કિંમત રૂા. ૧૦/-
**લવાજમ:** ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
ત્રણ વર્ષ માટે : રૂા. ૩૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦

લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઇન ટ્રાન્સફર માટેની વિગત:
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**
HDFC Bank
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : 50100368052762
IFSC Code : HDFC0009627
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી

**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઇ આરોહ, એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર,
વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત

**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com

અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઇ પણ રીતે જવાબદાર નથી.
– તંત્રી : સતીશ એમ. બોકીલ

**સનાતન સારથિ દરમહિનાની ૨૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**

'કૃષ્ણ' એ 'કૃષ' ધાતુમાંથી લેવાયેલ છે જેનો અર્થ થાય છે (૧) આકર્ષવું (૨) ખેડવું કે ખેતી કરવી (૩) એક દિવ્ય સિદ્ધાંત જે સમય, અવકાશ, અને કાર્યકારણથી પર છે. બધાયે અવતારોની જેમ, કૃષ્ણ એ માત્ર મુમુક્ષુઓને, સાધુઓને કે ઋષિઓને જ નહીં, પરંતુ સારા, નિર્દોષ અને ભોળાઓને પણ આકર્ષે છે. તે જીજ્ઞાસુઓને, સમિક્ષકોને, શંકા કરનારાને અને નાસ્તિક વલણ ધરાવનારાને પણ આકર્ષે છે. 'તે' એમના, પોતાના અત્યંત મોહક વ્યકિતત્વના આકર્ષણ બળે, અદમ્ય દેખાવડાપણાથી 'એમનો' અવાજ 'એમનો' વેણુનાદ 'એમના' ઉપદેશો અને 'એમની' નીડરતાના આધારે સૌને પોતાના તરફ ખેંચે છે. 'એઓ' હંમેશા પરમ આનંદમાં હોય છે અને સુસંવાદિતા, મધુરતા અને સુંદરતા પોતાની આસપાસ પ્રસરાવતા રહે છે. વૃંદાવનનું શાંતિપૂર્ણ ગોચર હોય કે કુરુક્ષેત્રનું લોહીથી લથપથતુ યુદ્ધક્ષેત્ર હોય, 'એઓ' બધે જ ગાય છે. 'તેઓ' એક જગ્યાએ વાંસળીને હાથમાં સ્વીકારે છે તો બીજી બાજુ 'તેઓ' ચાબુક ચલાવે છે. પરંતુ છેવટે જે ઉદ્ભવે છે તે અર્થપૂર્ણ ગતિશીલ સંગીત છે. - કાંતો વેણુગાનમ્ છે કાંતો ભગવદ્ગીતા.

ગાનમ્ અને ગીતા બંન્નેનો અર્થ 'ગીત' એવો જ થાય છે.

**- ભગવાન શ્રી સત્યસાઇ બાબા**

## અનુક્રમણિકા...

| પા.નં. | |
|---|---|
| ૨ | "તેમના (સ્વામીના) સંદેશને જીવીએ" – સંપાદકીય |
| ૪ | કૃષ્ણ ભગવાનની દિવ્ય લીલાઓ – અવતારવાણી |
| ૬ | ગુરુ અને શિષ્યો – રામકથા રસવાહિની - ગતાંકથી ચાલુ. |
| ૯ | ભગવાનના સાન્નિધ્યમા જીવવું એ સાચું શિક્ષણ છે – પ્રો. આર. કુમાર ભાસ્કર |
| ૧૩ | માનવીની સેવામાં ભગવાન – આર.જે.રત્નાકર |
| ૧૬ | ભક્ત પુત્રીની સ્મૃતિઓ – એસ. નલિની |
| ૧૮ | સર્વજ્ઞ ભગવાન – એલ.વી.એમ.કિશોર |
| ૨૦ | વિનાયકની શ્રેષ્ઠતા-સર્વોચ્ચતા-સર્વોપરિતા |
| ૨૨ | બધામાં રહેલું આત્મતત્વ એ એકજ છે – ચિન્ન કથા |
| ૨૩ | પ્રેમ તરફથી પ્રેમના પત્રો |
| ૨૪ | પ્રશાંતિ નિલયમ ખાતે ઉજવણીઓ – અહેવાલ |
| ૨૬ | શ્રી સત્ય સાઈ અષ્ટોત્તર શતનામાવલિ |

અવતારવાણી

# કૃષ્ણ ભગવાનની દિવ્ય લીલાઓ

**પ્રેમ સ્વરૂપો !**

ભગવાનની લીલાઓ કે અસીમ શક્તિઓની ટીકા-ટિપ્પણી કરવી કે તેને ઝાંખપ લગાવવી એક સરળ બાબત છે, પરંતુ દેવ પરત્વેની સત્યતાને ગ્રહણ કરવાનું અત્યંત મુશ્કેલ છે. બલરામે કૃષ્ણની ફરિયાદ યશોદાને કરી ત્યારે યશોદાને ઘણી દિલગીરી થઈ. બલરામે તેથી આગળ ફરિયાદ કરતાં કહ્યું, માતાજી શું આપણાં ઘરમાં ખાવાનું નથી ? શું દૂધ અને દહીં પણ નથી ? તે રસ્તા પરથી માટી ખાય છે. ભગવાનના શબ્દોનો ગર્ભિત અર્થ હોય છે. માતાએ કૃષ્ણનો હાથ પકડ્યો અને ખિજવાઈ ગયાં, કૃષ્ણ, શું આપણાં ઘરમાં માખણ નથી ? હું જે સ્વાદિષ્ટ આપું છું તે તને ગમતું નથી ? બાજુનાં ઘરમાં જઈને માખણની ચોરી કેમ કરે છે ? તે યોગ્ય નહીં કહેવાય. કૃષ્ણે ઉત્તર આપ્યો, હે મા, શું હું બાલક છું કે મૂર્ખો છું કે માટી ખાઉં ? આ રીતે, કૃષ્ણે પોતે બાળક હોવા છતાં પોતાની દિવ્યતાને પરોક્ષ રીતે સમર્થન આપવા માંડ્યું. ભગવાન આમ પરોક્ષ રીતે માનવજાતિને પ્રચુર બોધપાઠો શીખવે છે. ભગવાનનાં કાર્યને બાહ્ય બનાવોથી નહીં, પણ તેના આંતરિક અર્થથી સમજવાની જરૂર છે. કૃષ્ણના રિપાલે ખાતેના શરૂઆતના વર્ષો દરમિયાન ગોપિકાઓ અને ગોપાલોના અનુભવોને ખોટી રીતે સમજવામાં અને ખોટા અર્થઘટનો કરવામાં આવ્યા છે. કૃષ્ણ ગામડામાં ફક્ત પાંચ વર્ષો જ રહ્યા હતા. પાંચ વર્ષનો બાલક વાંધાજનક વર્તન કરે એ કહેવું મૂર્ખાઈ ભરેલું છે. મથુરા ગયા પછી કૃષ્ણ રિપાલે પરત આવ્યા નહોતા.

કૃષ્ણનાં વિશુદ્ધ અને દિવ્ય જીવન વિષે કશી પણ અયોગ્યતા ઠેરવવી એ સરિયામ દેવનિંદા છે. દેવની સાચી પ્રકૃતિને પૂરેપૂરી સમજવાની જરૂર છે. પાવન દિવ્યતાને સમજી શકાઈ જ નથી. આપણે આપણાં દુન્યવી વિચારોને ભગવાન ઉપર થોપવા જઈએ છીએ અને આપણી જાતને તેમાંથી દૂર કરી દઈએ છીએ. પહેલા તો આપણે દિવ્યતા શું છે તે સમજવાની જરૂર છે. દિવ્યતા એ દરેક વ્યક્તિમાં પ્રસરેલી બ્રહ્માંડીય ચેતના છે. આ ચેતનાની પ્રકૃતિ સમજવાની છે.

કૃષ્ણનો જન્મ ક્યાં થયો હતો ? જેલમાં. તેના કબજામાં શું હતું ? કશું જ નહીં. જન્મ કેદ ખાનામાં થયા પછી નંદના ઘરે લઈ જવાયા અને પછી મથુરા ગયા. તેમની પાસે કશું જ નહોતું, પરંતુ આખી દુનિયામાં તેઓ એક મહાન હસ્તી બની ગયા. તે શું બતાવે છે ? દુન્યવી વસ્તુઓ કબજામાં હોવી એ કંઈ મહાનતાનું રહસ્ય નથી. કૃષ્ણની મહાનતાનો સમાવેશ તેમની પરમાનંદની અવસ્થામાં રહેલો છે.

**રામ અને કૃષ્ણ અવતાર.**

જો રામ અને કૃષ્ણ વચ્ચેનો ભેદ પારખશો તો તમે કૃષ્ણની પ્રકૃતિની બહેતર પ્રશંસા કરશો. કૃષ્ણે પ્રથમ સ્મિત કર્યું અને પછીથી કાર્ય કર્યું. જ્યારે રામે પ્રથમ કાર્ય કર્યું અને પછી સ્મિત. કૃષ્ણે મહિલાઓને રૂદન કરાવ્યું. રામ મહિલાઓ માટે રડ્યા. રામ યુદ્ધમાં ગયા જ્યારે તેને માટે સબળ કારણ હતું. કૃષ્ણે પહેલા ગજગ્રાહ જગાવ્યો અને પછી તેનું પરિણામ નક્કી કર્યું.

કૃષ્ણનો સિદ્ધાંત આનંદમાં રાચે છે. રામનો સિદ્ધાંત બાધ્યતાના (જવાબદારીના) ખ્યાલને આધારિત છે.

રામાયણનો હેતુ પૃથ્વી ઉપર સત્ય અને ધર્મરૂપી શાસનનું સંવર્ધન કરવાનો છે. કૃષ્ણ અવતાર દુનિયાને શાશ્વત સંદેશો આપવા માંગે છે. તેમને પોતાને માટે કશું જોઈતું નહોતું. સર્વસ્વ લોકોને આપી દીધું. પોતાના મામા કંસને હણ્યો. રાજગાદીએ કંસના પિતા ઉગ્રસેનને બેસાડ્યા. તેમણે રાજ્યની ખેવના રાખી નહીં. પાંડવો સાથે મિત્રાચારી બાંધી, કૌરવોને હરાવ્યા. ધર્મરાજાને રાજ્યનો મુગટ પહેરાવ્યો. તેઓ પોતે રાજા ન થતા મુગટ વિનાના રાજા બની રહ્યા. તેઓ તો રાજાઓના રાજા હતા. તેમને પોતીકું કોઈ રાજ્ય નહોતું, પરંતુ લાખો લોકોના દિલમાં રાજ કર્યું. આ એક પ્રચુર સત્ય હતું જે કૃષ્ણ સિદ્ધાંત-કૃષ્ણ તત્ત્વ-એ જાહેર કર્યું હતું.

જો તમે ઊંડેથી જોશો તો ખબર પડશે કે દરેક અવતારે વિશિષ્ટ સંદેશો આપવા તથા ખાસ મિશન હાથ ધરવા અવતાર ધારણ કર્યો હતો.

**કૃષ્ણની દિવ્યતા.**

ગોપિકાઓ કૃષ્ણના અટકચાળાઓ-ટીખળોની ફરિયાદ યશોદાને કરતી. પરંતુ કૃષ્ણે જે કંઈપણ મજાક-મસ્તીમાં કહ્યું કે ટીખળ જેવું પણ કર્યું તે બધું સત્ય આધારિત હતું. કૃષ્ણે કદિ મજાકમાં પણ અસત્ય આચર્યું નહોતું. પરંતુ જેઓ કૃષ્ણના વિધાનોના ગૂઢ અર્થને સમજતા નહોતા. તેઓ તેમની ઉપર જૂઠું બોલવાનો આક્ષેપ મૂકતા હતા. આવા પ્રકારની ગેરસમજ બધા યુગોમાં એક રોગ બની રહ્યો હતો.

જ્યારે ગોપિકાઓએ યશોદાને ફરિયાદ કરી કે કૃષ્ણ ગોવાલના ઘરમાં રાત્રે ગયેલા અને કંઈક તોફાન મચાવ્યું હતું. કૃષ્ણે દલીલ કરેલી કે તેઓ તો યશોદામૈયાની પાસે સૂતેલા હતા તો પછી ક્યાં જઈ શક્યા હોય. સત્ય એ છે કે કૃષ્ણ બંને જગ્યાએ હતા કારણ તેમની દિવ્ય શક્તિ હતી. કૃષ્ણે મૂંઝવણમાં મૂકી દેતા આવા ઘણા પ્રસંગો દર્શાવ્યા. (કૃષ્ણ વિરુદ્ધની ફરિયાદો ગોપિકાઓ યશોદાને કરતી તે અંગે ભગવાને શ્રેણીબદ્ધ ભજનો ગાયા હતા). દરેક ફરિયાદની સામે કૃષ્ણ પાસે ખાતરી આપતી દલીલો હોય જ. પરોક્ષ રીતે કૃષ્ણ તેમની દિવ્યતા પ્રગટ કરતા હતા. દિવ્યતા બાબતે યશોદા જેવી રીતે સમજી શકે તેવી રીતે જ કૃષ્ણ પોતાની માતાને સમજાવી રહ્યા હતા.

કૃષ્ણ ગોવાળિયાઓનાં ઘરે જઈને દહીં-દૂધ પી જતા હતા. એનો પ્રતીકાત્મક અર્થ ચોખ્ખા સફેદ દહીં-દૂધ દ્વારા સત્ત્વ પ્રત્યેનો તેમનો ભાવ છે. કૃષ્ણે યશોદાને સમજાવ્યું કે યશોદાના આપેલા માખણ સામે ગોવાળોના ઘરના માખણ કેમ પસંદ કરતા હતા-ગોપિકાઓનાં દિલ ચોખ્ખા અને કૃષ્ણ પ્રત્યેની ભક્તિ નિઃસ્વાર્થ હતી. તેમની ભક્તિ/તેમનો ભાવ મા યશોદાના પ્રેમ (-કે જેમાં સ્વાર્થતાનો વિકાર હતો) કરતાં પણ શ્રેષ્ઠ હતો. કૃષ્ણે યશોદાને કહ્યું, હું તેઓનાં હૃદય સાથે જોડાયેલો (આકર્ષિત) છું જેઓ વિશુદ્ધ અને નિઃસ્વાર્થ છે.

**ચરણકમલને અનુસરો.**

કૃષ્ણ તોફાન-ટીખળ કરીને હંમેશાં ગોપિકાઓથી દૂર છટકી જતા/પકડમાં ન આવતા. પરંતુ તેઓ પ્રત્યેની કરુણાને લઈને એક વખત કૃષ્ણ પોતાને પકડી શકાય તે માટેની કડી આપવા માંગતા હતા. એક વખત બધાએ કૃષ્ણને પકડવા તેમનાં ઘરને ચારે બાજુએથી ઘેરી લીધાં. કૃષ્ણ ચોરીછૂપીથી ઘરમાં ઘૂસ્યા અને દૂધનું મટકું ફોડ્યું. પછી ચૂપકીદીથી સંતાઈ ગયા. ગોપિકાઓને ખબર પડી કે મટકું ફોડ્યું છે અને તેમને પકડવાના પ્રયત્નો કર્યા. દૂધવાળાં પગલાં હતાં તેનાથી ગોપિકાઓને તે ક્યાં છુપાયા છે તેની ભાળ મળી ગઈ. પછીથી કૃષ્ણે તેઓને આધ્યાત્મિક સત્ય પ્રગટ કરતાં જણાવ્યું કે જો તેઓ ભગવાનનાં પગલાંને વળગી રહેશે તો તેઓ ભગવાનને પિછાણી શકશે. કૃષ્ણે ગોપિકાઓને કહ્યું, મારાં પગલાંનું અનુસરણ કરો અને તમે મને શોધી શકશો.

ભાગવતમાં તમે જે બોધ મેળવો છો તે તો તમારાં મનને આધારિત છે. ભાગવતમાં દર્શાવાયેલ મહિમા સમજવા તમારે કૃષ્ણની લીલાઓને માણવાની છે અને તેનો ગૂઢ અર્થ સમજવાનો છે.

આજે ગોકુલાષ્ટમી છે જેમાં કૃષ્ણના જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે. પરંતુ આ ઉજવણી કંઈ અગત્યની નથી. અગત્યનું એ છે કે કૃષ્ણના ઉપદેશને વળગી રહેવું. કૃષ્ણ તેમના ઉપદેશોથી ભિન્ન નથી. સ્વામીને તેમના ઉપદેશોથી અલગ કરી શકાય નહીં. ગીતા કૃષ્ણ છે અને કૃષ્ણ ગીતા છે. માટે કદીયે તફાવતો-ભેદ-ને સ્થાન આપશો નહીં. (ભગવાને તેમનાં પ્રવચનનું સમાપન ગોવિંદ કૃષ્ણ જય, ગોપાલ કૃષ્ણ જય ભજનથી કર્યું.)

---

**- ૪ સપ્ટેમ્બર ૧૯૯૬ ના રોજ ભગવાને આપેલ દિવ્ય પ્રવચનનો આ ભાગ - ૧૬ મી ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી પ્રસંગે સાઈ કુલવંત હોલમાં પ્રસારિત કરવામાં આવ્યો હતો.**

રામકથા રસવાહિની - ગતાંકથી ચાલુ.

# ગુરુ અને શિષ્યો

રાજકુમારોના જન્મ થયા તે દિવસથી રાજધાનીનું શહેર અયોધ્યા અને રાજ્યમાં ઉત્સવ અને ઉજવણીનો દોર ચાલુ હતો. અયોધ્યા નગરી આનંદથી અવિરત ચમકી ઉઠી હતી. ઉજવણીઓ અને તહેવારો જેવા આનંદ-પ્રમોદે પ્રજા અને રાજપરિવારને પ્રેમ અને કૃતજ્ઞતાથી ભરી દીધા હતા. દર મહિનાના અજવાળીયાની નોમ, દસમ અને અગિયારસના દિવસે સુખદ પ્રસંગોની યાદમાં ભવ્ય ઉજવણીઓ કરવામાં આવતી. રાજકુમારો જ્યારે તીર્થયાત્રા પર હતા ત્યારે પણ, આ દિવસો એટલી ભવ્ય રીતે ઉજવવામાં આવતા હતા કે જાણે તેઓ શહેરમાં જ હોય; સિવાય કે જે કાર્યક્રમોમાં તેમની પ્રત્યક્ષ ઉપસ્થિતિની જરૂર હોય, બાકીનું બધું - તહેવારો, ભેટો, રમતો, નૃત્ય - ઉત્સાહથી પસાર થતું હતું.

યાત્રાના પરિણામે રાજકુમારોમાં એક પરિવર્તન થયેલું, તેની નોંધ માતા-પિતાએ લીધી હતી. આ પરિવર્તન આશ્ચર્યજનક હતું, અને તેઓ આશા રાખતા કે તેમની જીવનશૈલીમાં આવેલ વિચિત્ર પરિવર્તન, જેમ જેમ દિવસો પસાર થશે તેમ તેમ ઘટી જશે. તેમના વર્તનને ધ્યાનપૂર્વક નિહાળતા, પરંતુ તેમાં કોઈપણ પ્રકારના ઘટાડાના સંકેતો વિના આ પરિવર્તન ચાલુ રહ્યું.

રામ મોટે ભાગે પોતાના કક્ષની અંદર જ રહેતા. તેઓ અત્યાર સુધી જે રીતે સ્નાન કરતા હતા તે રીતે ચોક્કસ સમયે સ્નાન કરતા નહોતા. તેમને પરંપરાગત (રાજકીય) વસ્ત્રો પહેરવાનો અણગમો હતો. તેઓ સ્વાદિષ્ટભોજનથી દૂર રહેતા હતા. તેઓ ક્યારેય સુવર્ણ સિંહાસન પર બેસતા નહોતા. તેઓને એવું લાગતું હતું કે જાણે તેઓ પરમેશ્વરના ચિંતન, ઈન્દ્રિયો અને મનની બહારની કોઈ વસ્તુના ચિંતનમાં ડૂબેલા હોય. ત્રણે ભાઈઓ રામની પાસે જ રહેતા. રમતો કે કોઈ બીજા કારણોસર તેમને છોડી જતા નહોતા. ચારેય જ્યારે એક કક્ષમાં ભેગા થતા અને તેમની જાતને અંદરથી પૂરી રાખતા, માતાઓને વચ્ચે વચ્ચે બારણું ખખડાવવું પડતું તેમના માટે ભોજન લઈ જઈને. તેમણે એ જાણવા ખૂબ પ્રયત્નો કર્યા કે તેઓ આવુ વર્તન શા માટે કરતા હતાં. તેઓ જાણવા ઈચ્છતા પરંતુ રાજકુમારોએ કાંઈ કારણ દર્શાવ્યું નહીં. તેમની પુછપરછના જવાબમાં રામે નમ્રતા પૂર્વક માત્ર એટલું જ કહ્યું કે ‘‘આ મારો સ્વભાવ છે, સ્વયં હું તેવો જ છું તો પછી તેનું કારણ જાણવા શા માટે ઈચ્છા રાખો છો?

માતાઓને લાગ્યું કે આ બાબત વધારે સમય સુધી નજરઅંદાજ કરી શકાય તેવી નથી. તેમણે રાજા દશરથને જાણ કરી. રાજાએ રાણીઓને રાજકુમારોને પોતાના મહેલમાં લઈ આવવા કહેણ મોકલ્યું. રાજા દશરથે જોયું કે જે પુત્રો અગાઉ દોડીને આવતા તેઓએ ત્યાં આવવા માટે ઘણો સમય લીધો તેથી તેમને નવાઈ લાગી અને ચિંતા ઉત્પન્ન થઈ. તેઓ જાતે જ રાજકુમારોના કક્ષ તરફ જવા તૈયાર થયા. બરાબર તે જ સમયે સેવકે જાણ કરી કે રાજકુમારો આવી રહ્યાં છે. રાજા લાગણીસભર બન્યા, તેમને ભેટ્યા અને છાતીસરસા ચાંપ્યા. પછી પુત્રોને પોતાની બન્ને બાજુ રાખીને બેઠા. તેમણે તેમની સાથે હળવાશ અને ગંભીરતાથી હકીકત શું હતી તે જાણવા પ્રયત્ન કર્યો. પહેલા તો એક પ્રશ્ન પૂછતા તો રાજકુમારો દશ ઉત્તર આપતા પરંતુ તે દિવસે દશ પ્રશ્નોની સામે ભાગ્યેજ એકાદ પ્રત્યુત્તર મળ્યો.

રાજા દશરથે રામને પોતાના ખોળામાં બેસાડ્યા અને સ્નેહપૂર્વક વિનંતી કરી. ‘‘પુત્ર, આ મૌન શા માટે ? બોલતા કેમ નથી? તમારે શું જોઈએ છે? તમારે શેની જરૂર છે? તમે કહેશો તે હું અચૂક પરિપૂર્ણ કરીશ. તમે ભાઈઓ સાથે પહેલા જેવા હતા તેવા જોવા મળતા નથી, તેથી તેઓ બધા દુઃખી છે. રાજાએ રામની હડપચી પર પ્રેમથી હાથ ફેરવી તેમના ચહેરા સામે જોયુ. છતા પણ રામે કશું કહ્યું નહીં, માત્ર એટલું જ જણાવ્યું કે તેમને પૂરેપૂરો સંતોષ છે અને તેમને કોઈ વસ્તુની જરૂર નથી. આ વિચિત્ર વર્તણૂક જોઈને દશરથ વ્યગ્ર અને વ્યાકૂળ બન્યા. તેમની આંખોમાં આંસુ છલકાયા. પુત્રો પિતાની આ વ્યથાથી નિષ્પ્રભાવિત રહ્યા. પિતાએ તેમના પુત્રોને, પિતા સાથે કેવી રીતે વર્તવું જોઈએ તે વિશે થોડી હળવાશભરી નરમ વાતો કરી. પછી રાજમહેલમાં તેમને પોતાના ભવનમાં જવા કહ્યું. તેમણે મંત્રી સુમંત્રને બોલાવ્યા જેથી તેની જોડે પરામર્શ કરી શકાય. દશરથે સુમંત્રને પૂછ્યુ યાત્રા દરમ્યાન એવું કશું

થયું હતું જેને પરિણામે તેમના પુત્રો ઘરેથી રોજીંદી રીતભાતથી બહાર ગયા હતાં અથવા તો કોઈ બાબતે અસંતોષ થયો હતો. કેમકે તેમને હજુ કેટલાક વધારે તીર્થો જોવાની ઈચ્છા હોય અને તમે તેમને વહેલા ઝડપથી પાછા લાવ્યા હોય? રાજા દશરથે તેમના પર પ્રશ્નોની ઝડી લગાવી દીધી. એટલા બધા પ્રશ્નો કર્યા કે સુમંત્રને ખૂબ નવાઈ લાગી અને ભય ઉત્પન્ન થયો. જ્યારે તેણે જવાબ આપ્યા ત્યારે તેના હોઠ ધ્રુજતા હતા.રાજકમારો નાખુશ થાય તેવું કશું બન્યું નથી. તેમજ યાત્રા દરમ્યાન તેમને કોઈ દુઃખદ અનુભવ થયા નથી કે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોય તેવું કશું બન્યું નથી. તેમની દરેક ઈચ્છા પૂરી કરવામાં આવેલ. જેમકે યાત્રા સ્થળે ઉદાર સખાવતો કરેલી, તેમની ઈચ્છા મુજબ યાત્રાળુઓ માટે મંડપો બાંધવામાં આવ્યા. તેમને જેવું દાન આપવું હતું તેવું અપાયું. તેમાં કોઈ ખચકાટ કે વિલંબ થયો નથી. તેઓને ન ગમ્યું હોય તેવો બનાવ / ઘટના વિશે મને ક્યારેય જણાવ્યું નથી. મેં પણ આવું બનતું જોયું નથી. તે યાત્રા તો આનંદ અને ભક્તિસભર એક લાંબી મુસાફરી હતી.

દશરથ પોતાના મંત્રીને સારીરીતે ઓળખતા હતા. છેવટે તેમણે કહ્યું, ''સુમંત્ર તું એક સારો માણસ છે. હું જાણુ છું કે તારા તરફથી કોઈ અવગણના કે ભૂલ શક્ય જ નથી. કેટલાક અગમ્ય કારણોસર રાજકુમારોના સ્વભાવમાં પરિવર્તન આવ્યું છે. તેઓ ભોજન પ્રત્યે અને રાણીઓ પ્રત્યે ઉદાસીન બની ગયા છે. મને તેનાથી ખૂબ નવાઈ લાગે છે. રાણીઓને હૃદયમાં એટલું લાગી આવેલ છે કે તેઓને ચિંતા કોરી ખાય છે. જ્યારે દશરથે પોતાના વફાદાર મંત્રી સુમંત્ર જોડે આવી રીતે વાત કરી ત્યારે તેણે જવાબ આપ્યો. જો મને રજા આપો તો હું રાજકુમારોને મળી અને આ દુઃખનું નિદાન કરવા માટે પ્રયત્ન કરૂ. રાજા દશરથે કહ્યું બિલકુલ બરાબર છે, તુરંત તું આગળ વધ. એક વખત કારણ મળી જાય તો ઈલાજ અઘરો નથી. ઉપચાર બહુ દૂર રહેતો નથી. સુમંત્ર ઉતાવળે ઉતાવળે પોતાના હૃદયમાં ચિંતાના બોજ સાથે રાજકુમારોના કક્ષ તરફ ગયા. તેમણે જોયું કે દ્વાર અંદરથી બંધ કરવામાં આવેલ હતું અને બારણાની બહાર પહેરેદારો ઉભા હતાં. જ્યારે સુમંત્રએ બારણું થપથપાવ્યું ત્યારે લક્ષ્મણે દ્વાર ખોલી તેમને અંદર લીધા અને દ્વાર બંધ કર્યું. તેમણે રાજકુમારો સાથે વિભિન્ન બાબતો પર ખાસ્સો એવો સમય વાતચીત કરી, પરંતુ કારણ જાણી ન શક્યા. યાત્રા દરમ્યાન જે નિરામય સહચર્ય હતું તે હવે દુઃખમાં પલટાયેલુ હતું. આસું ભરેલી આંખે સુમંત્રએ રામને વિનંતી કરી ત્યારે રામે હળવેથી હિંમતપૂર્વક કહ્યું. સુમંત્ર આ તો મારો સ્વભાવ છે. મને કોઈ ઈચ્છા નથી. કોઈ અભાવ નથી. તેથી તમે ચિંતા ન કરો.

સુમંત્રએ પાછા જઈને દશરથને કહ્યું, મને લાગે છે કે ગુરુજીને બોલાવીને ઉપાય વિચારવો શ્રેષ્ઠ રહેશે.

રાજા દશરથ દુઃખમાં બધું અવગણવા લાગ્યા. મનમાં અનેક કલ્પનાઓ કરવા લાગ્યા. કદાચ કિશોર અવસ્થામાં આવું પરિવર્તન સ્વાભાવિક હોય એમ માની મનને થોડુંક શાંત કર્યું.

જ્યારે ગુરુ વસિષ્ઠ મહેલે આવતા હતાં ત્યારે રાણીઓએ તૈયારી કરી, ગુરુજી આવ્યા, સૌએ ચરણસ્પર્શ કર્યા અને જલદીથી રાજકુમારોની અજબ ઉદાસિનતા અંગે વાત કરી અને કારણ પૂછ્યું. વસિષ્ઠે પોતાની શાંત દષ્ટિથી કારણ શોધ્યું. તેમણે નિર્મળ નજરે તરત જ સત્ય બતાવ્યું. થોડી પળો પછી રાણીઓને તેમણે કહ્યું, રાજકુમારોમાં કોઈ ખોટ કે ખામી નથી. આ સામાન્ય રાજકુમારો નથી. તેમના મનમાં કામના કે વાસના નથી. ચિંતા કરવાની જરૂર નથી. તેમને મારી પાસે લાવો.

રાજા અને તેમની રાણીઓને આશ્વાસન મળ્યુ. રાજકુમારોને બોલાવ્યા. ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન તરત જ તૈયાર થઈ ગયા પરંતુ રામ હંમેશની માફક નિરાસક્ત રહ્યાં. લક્ષ્મણે તેમના ચરણસ્પર્શ કરી વિનંતી કરી, ભાઈ ચાલો માતા-પિતા દુઃખી થશે કે આપણે ગુરુનો આ રીતે અનાદર કર્યો.

અનેક વિનંતીઓ પછી રામ ભાઈઓ સાથે ગુરુ પાસે ગયા. સૌ ગુરુને પગે લાગ્યા. વસિષ્ઠે પ્રેમથી પોતાની પાસે બોલાવ્યા. ખાસ કરીને રામને પોતાની પાસે બોલાવી તેના વાળમાં હાથ ફેરવી, પીઠ થપથપાવી પ્રેમથી કહ્યું, ''રામ! તું આટલો મૌન કેમ છે? તારા માતા-પિતા દુઃખી છે. તેમને પ્રસન્ન રાખવા એ તારૂ કર્તવ્ય છે. 'માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ' - આ મહાવાક્યોના આચરણને તારે જ સાબિત કરવાનું છે.'' વસિષ્ઠે આવા અનેક ઉપદેશ રામને સંભળાવ્યા.

રામ, ગુરુના ઉપદેશને સ્મિતપૂર્વક સાંભળી રહ્યાં

હતા. ગુરુજીની વાત પૂરી થયા પછી રામ શાંતિથી બોલ્યા, ''ગુરુવર ! તમે માતાની વાત કરો છો, પરંતુ માતા કોણ, પુત્ર કોણ ? દેહ શું છે? અને જીવ એટલે શું? આ જગત ખરેખર છે કે માત્ર પરમાત્મા જ સત્ય છે? દેહ તો પરમાત્માની છબી જ છે, નહિ? દેહ જે પાંચ તત્વોનો બનેલો છે તે જ પાંચ તત્વો સમગ્ર બ્રહ્માંડના આધાર છે. બ્રહ્માંડ પાંચ તત્વોની રચના છે, ખરૂ કે નહિ?

આ તત્વોમાં અનેક ફેરફારો થાય છે છતાં એ અવિનાશી છે. તેમનું પણ વધુ ઊંડુ મૂળ છે. જો આ રચાયેલુ બ્રહ્માંડ જ સત્ય માનવામાં આવે અને આ મિથ્યામાં જઈએ. જો સત્યને છોડીને અસત્યને અપનાવીએતો તેને કેવું અંધકારમય અજ્ઞાન કહેવાય? જીવ જો તે આત્મ સત્યને અવગણે તો જીવને શું મળે?

વસિષ્ઠે જોયું રામ આટલા ઊંડા તત્વચિંતનના પ્રશ્નો કરી રહ્યા છે ત્યારે તેમના ચહેરા પર દિવ્ય તેજના કિરણો ફેલાઈ રહ્યા છે. આ પ્રકાશ તેમના દૈવત્વના હોવાનો સંકેત છે. ગુરુએ નક્કી કર્યું કે રામ પોતે જ આ પ્રશ્નોના ઉત્તર આપે, રામના ઉત્તર તો વાસ્તવમાં પરમાત્માનો જ સ્વર હતો. આ સત્યને વસિષ્ઠે સ્પષ્ટ રીતે અનુભવ્યું. મનમાં તેમણે રામને પ્રણામ કર્યા અને બહારથી વંદનભાવ બતાવ્યા વિના કહ્યું, ''પુત્ર! હું સાંજે તને ફરી મળીશ''. અને દશરથને મળ્યા વિના જ મહેલમાંથી નિકળી ગયા, તે દિવ્ય અનુભવથી એટલા મંત્રમુગ્ધ બની ગયા હતા કે માત્ર રાજકુમારોને સ્નેહથી ભરપૂર વ્હાલ કર્યું.અને આભારવશ હદયે પાછા ફર્યા.

થોડા સમય પછી દશરથે પુત્રોને જોયા, તેઓના ચહેરા પર અજાણી દિવ્ય પ્રભા ઝળકતી જોઈ, તેમને સમજાયું નહીં કે આ કેવી રીતે થયું. તેઓ સાંજે વસિષ્ઠની રાહ જોતા રહ્યાં હતાં. ગુરુજી આવ્યા ત્યારે રાજા, રાણીઓ અને રાજકુમારો- સૌએ તેમના ચરણ સ્પર્શ કર્યા અને પ્રાર્થના ભાવથી બેઠા.

અચાનક રામે બધાને આશ્ચર્યચકિત કરતા પ્રશ્નો પૂછ્યાઃ જીવ, દેહ અને પ્રકૃતિ-આ ત્રણ વચ્ચે શું સંબંધ છે! શું આ એક જ છે? કે અલગ અલગ તત્વો છે? જો એક છે તો ત્રણ રૂપોમાં કેમ પ્રગટ થયા? અને ક્યા હેતુ માટે ? તેમનું મૂળ ઐક્યત્વ શું છે? જો આપણે તેમને જુદા જુદા માનીએ તો એકત્વની અનુભૂતિ ગુમાવી બેસીએ - તેમાંથી શું લાભ?

પિતા અને માતાઓ રામની આટલી નાની ઉંમરે આવા ઊંડા પ્રશ્નો સાંભળી અચંબિત થઈ ગયા અને જ્ઞાનના આ પ્રવાહમાં તદ્દન લીન થઈ ગયા. જાણે સ્વર્ગમાંથી ધરતી પર ઉત્તર વરસી રહ્યાં હોય ! તેઓ ભૂલી ગયા કે રામ તેમનો પુત્ર છે, રાત્રિના કલાકો આ એકત્વના મહાન જ્ઞાનની ચર્ચામાં વિતી ગયા.

વસિષ્ઠે જોયું કે રામના વચનો તો અમૃતબિંદુ સમાન છે, જે માનવ જાતને શાંતિ આપી શકે. તેમણે રાજા અને રાણીઓને આશીર્વાદ આપ્યા અને પોતાના આશ્રમ પરત ગયા. રામ અને વસિષ્ઠ વચ્ચેનો આ સંવાદ જ ''યોગવાસિષ્ઠ'' તરીકે પ્રખ્યાત છે. તેને 'રામગીતા' પણ કહેવામાં આવે છે.

રામ પોતાના દિવસો વેદાંતના ચિંતનમાં વિતાવતા. એકલા હોય ત્યારે પોતાની સાથે વાત કરતા, સંગતમાં મૌન રહેતા અને ક્યારેક નિર્મળ હાસ્ય કરતા. દશરથ ચિંતિત થઈ વિચારતા કે આનો શું પ્રભાવ પડશે. તેમણે નક્કી કર્યું કે રામને ભાઈઓથી અલગ રાખવા. પરંતુ ભાઈઓ ક્યારેય સહમત ન થયા. તેથી તેઓ હંમેશા રામની પાસે જ રહેતા.

રાજા અને રાણીઓ નિરાશ થઈ ગયા. સુખ અને વૈભવના બધા સ્વપ્નાઓ ભંગ થઈ ગયા. હવે તેઓ માત્ર ચિંતામાં અને પ્રાર્થનામાં સમય પસાર કરતા. રામને ભોજનમાં પણ રસ ન રહ્યો. અનિયમિત અને ઓછા ખોરાકને કારણે તેમનું શરીર નબળું અને ક્ષીણ દેખાતું હતું. ... ક્રમશઃ

---

**આ અંક માટે સેવાઃ- આ અંકના લેખોની અનુવાદની સેવા માટે, શ્રી ગજેન્દ્રભાઈ દવે, શ્રી રસિકભાઈ પાટડીયા, શ્રી રસિકભાઈ હાંસોટી, શ્રી અરુણભાઈ રાઠોડ, શ્રી ચરિતાર્થભાઈ વ્યાસ, શ્રી મુકેશભાઈ ભટ્ટ અને શ્રીમતી મૃદુલાબેન નાયકનો સહકાર મળ્યો. ટાઈપીંગ માટે શ્રી જીતેશભાઈ પરમાર અને શ્રીમતી રંજનબેન પટેલની સેવા પ્રાપ્ત થઈ.**

**ગયા મહિનાના અંકો રવાના કરવાની સેવા માટે શ્રી વિશાલભાઈ અકોલકર અને વડોદરા સમિતિના સેવાદળના ભાઈ બહેનોએ સેવા આપી હતી. -**

**- તંત્રી**

# ભગવાનના સાન્નિધ્યમા જીવવું એ સાચું શિક્ષણ છે

**પ્રો. આર. કુમાર ભાસ્કર**

જોકે અમારું આખું કુટુંબ ૧૯૬૦ ના દાયકાની શરૂઆતથી જ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાનુ ભક્ત હતુ, તેમ છતાં તેમણે ૧૯૭૦ ના દાયકાના અંતમાં જ અમારા પરિવારને તેમનું પહેલું પ્રત્યક્ષ દર્શન આપવાનું નક્કી કર્યું. ૧૯૭૯ માં, અમારા પરિવારના બધા સભ્યોએ સાથે મળીને તિરુમાલામાં ભગવાન વેંકટેશ્વરના દિવ્ય સ્વરૂપના દર્શન કરવા માટે તિરુપતિની યાત્રા કરી. તે સમયે અમારા પરિવારના એક સભ્યને તિરુપતિથી પાછા ફરતી વખતે પુટ્ટપર્તિ જવાનો વિચાર આવ્યો. અમે અનંતપુર જતી બસમાં ચઢ્યા જે રાત્રે લગભગ ૮ વાગ્યે સુનિશ્ચિતસ્થાને પહોંચી. અમે પુટ્ટપર્તિ જતી છેલ્લી બસ પકડી અને અમે શાંતિના ધામ પહોંચ્યા ત્યાં સુધીમાં રાત્રે ૧૦.૩૦ વાગ્યાથી વધુ સમય થઈ ગયો હતો. દશેરાનો સમય હોવાથી, પુટ્ટપર્તિ ખાતે જનસમુહનો સાગર ઉમટી પડ્યો હતો. અમારા જીવનમાં પહેલી વાર એવું બન્યું કે અમે એક જ જગ્યાએ આટલો મોટો જનસમુહનો મેળાવડો જોયો. આશ્રમ પરિસરમાં ક્યાંય એક ઈંચ પણ ખાલી જગ્યા નહોતી. આમ, મારા દોઢ વર્ષના દિકરા સહિત મારો આખો પરિવાર મુશ્કેલીમાં મૂકાઈ ગયો અને તેમને રહેવા માટે જગ્યા મળી નહીં. અંતે, અમે ગમે તે રીતે બાકીની રાત એક ઝાડની છાયા નીચે ગાળવામા સફળ થયા.

બીજા દિવસે સવારે, અમે એક છાપરા(શેડ)માં સ્નાન કર્યું અને દર્શન માટે મંદિર તરફ ચાલતા ગયા. મોટી સંખ્યામાં ભક્તોને કારણે અમે મંદિરના પરિસરમાં પ્રવેશી શક્યા નહીં અને બહારથી ભગવાનની એક ઝલક જોઈ શક્યા, 'જેઓ' કેટલીક મહિલાભક્તોને સાડીઓ વહેંચી રહ્યા હતા. અમે આખરે અમારા વતન જતી બસમાં બેસીને ઘરે પાછા ફર્યા. તેમ છતા, મેં આશ્રમના વાતાવરણમાં રહેવાની મારી અદમ્ય ઇચ્છાનુ જતન કર્યુ. પહેલેથી જ ઉભી થયેલ વિકટ પરિસ્થિતિમા વધારો કરતા, માસ્ટર EK તરીકે ઓળખાતા મારા આધ્યાત્મિક ગુરુ, જેમના દ્વારા હું આધ્યાત્મિક જ્ઞાનની શોધ કરતો હતો, તેઓનું ૧૯૮૪ માં અવસાન થયું, જેના કારણે હું તેમાં વધુ પ્રગતિ કરવાથી વંચિત રહી ગયો. તે જ સમયે, મને ભગવદ્ ગીતાની એક અપ્રાપ્ય નકલ મળી જેણે મારી વિવિધ સમસ્યાઓનો આશ્ચર્યજનક ઉકેલ આપ્યો. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે જો ૧૮ અધ્યાયોમાંથી એક ચોક્કસ શ્લોક દરરોજ ચોક્કસ સંખ્યામાં જાપ કરવામાં આવે, તો તે આપણને સર્વશક્તિમાન ભગવાન દ્વારા આપણા નિર્ધારિત ગુરુ સુધી પહોંચાડશે. હું તે વચનથી ખૂબ પ્રેરિત થયો અને મેં નિયત સમયગાળા દરમિયાન ભગવદ્ ગીતાના આપેલા શ્લોકનો નિષ્ઠાપૂર્વક જાપ કરવાનું શરૂ કર્યું. જેમકે, હું પહેલેથી જ પરિણીત વ્યક્તિ હતો અને મારે પરિવારની સંભાળ રાખવાની હતી, તેથી મારી ઈચ્છા થોડા સમય માટે અધૂરી રહી.

**દિવ્ય યુનિવર્સિટીનો ભાગ(હિસ્સો) બનવું.**

આ સમય દરમિયાન શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાયરલર્નિંગ (SSSIHL)માં વાણિજ્ય વિભાગમાં રીડરની જગ્યા માટે રાષ્ટ્રીય દૈનિકોમાં જાહેરાત આવી. મારા શુભેચ્છકોની સલાહ પર, મેં ભગવાનની યુનિવર્સિટીમાં વાણિજ્ય વિભાગમાં રીડરની જગ્યા માટે અરજી કરી. તે સમયે જ મને યુનિવર્સિટી બ્રોશર (માહિતી પુસ્તિકા)માં ભગવાનની નીચેની ઉક્તિ મળી: ''શિક્ષણ જીવન માટે છે, ફક્ત જીવનનિર્વાહ માટે નથી''. આજે પણ, તેમની દૈવી સંસ્થામાં ચાલીસ વર્ષ સેવા આપ્યા પછી, હું આ સિધ્ધાંતમાંથી પ્રેરણા મેળવતો રહ્યો છું. તે દરમ્યાન, પુટ્ટપર્તિ આવતા પહેલા મેં આંધ્ર યુનિવર્સિટીના સંલગ્ન અનુસ્નાતક (post graduate) વિભાગમાં દસ વર્ષ કામ કર્યું હતું, પરંતુ

મને ખબર હતી કે જગતના અન્ય કોઈ શૈક્ષણિક સંસ્થામાં આવા ઉચ્ચ ધ્યેયો નહીં હોય. ફક્ત SSSIHL માં જ રોજીંદા ઇનપુટ્સ (યોગદાન) જેવાકે જ્ઞાન, કુશળતા, ક્ષમતાઅને યોગ્યતાઓ સાથે, મૂલ્યો આધારિત શૈક્ષણિક ઇનપુટ્સ પણ ખૂબ જ પ્રેરણાદાયી વાતાવરણ અને નિવસનતંત્ર (ecosystem) માં વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. ભગવાને મને તેમની સંસ્થામાં વાણિજ્ય વિભાગમાં રીડર તરીકે સેવા આપવાની તક આપી, અલબત્ત, નિર્ધારિત પ્રક્રિયાને અનુસરીને.

**સભ્ય સુધારા અને દૈવી શ્રધ્ધા (ખાતરી)**

શિક્ષણના રચનાત્મક વર્ષો દરમિયાન, ભગવાન વર્ષમાં ૨-૩ વખત સિનિયર છોકરાઓની છાત્રાલયની મુલાકાત લેતા હતા અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને અનુકરણીય રોલ મૉડેલ બનાવવા માટે પ્રેરણા, માર્ગદર્શન પૂરું પાડતા હતા. આમ ૧૯૮૫ માં, તેમના ૬૦ મા જન્મ દિવસ પહેલા, સ્વામીએ છાત્રાલયની મુલાકાત લીધી હતી જેના માટે છાત્રાલયની બહાર રહેતા ફેકલ્ટી સભ્યો, સહાયક સ્ટાફ અને વહીવટી સ્ટાફને આવવાની મંજૂરી આપવામાં આવી હતી. હું ફેકલ્ટી સભ્યો માટે બનાવાયેલ એન્ક્લોઝરમાં બેઠો હતો. થોડા વિદ્યાર્થીઓ અને સંશોધન વિદ્વાનોના સામાન્ય પ્રારંભિક ભાષણો પછી, બધાએ સંયુક્ત રીતે ભગવાનને પ્રવચન આપવા માટે પ્રાર્થના કરી. ભગવાને પોતાના પ્રિય શિષ્યોની હૃદયપુર્વકની સમજાવટ પછી પ્રવચન શરૂકર્યું:

માનવ જન્મનો હેતુ સત્યનો સાક્ષાત્કાર કરવાનો છે. દરેક વ્યક્તિ પોતાની રીતે સમાજ પર પોતાની છાપ છોડવાનો ઈરાદો ધરાવે છે. દરેક વ્યક્તિ સત્યનો સાક્ષાત્કાર કરે કે ન કરે, તે ભગવાનના હાથમાંનુ એક સાધન(વાદ્ય) છે. અમુક પ્રમાણભૂત શારીરિક લક્ષણો અથવા વિશિષ્ટતાઓ વ્યક્તિને હીરો અથવા તેની ગેરહાજરી ઝીરો બનાવી શકતા નથી. કેટલાક લોકો ભૂલથી વિચારે છે કે મૂછ રાખવાથી માણસ પ્રભાવશાળી દેખાય છે, પરંતુ એવું નથી. વંદો પણ મૂછ ધરાવે છે. શું તેને હીરો ગણી શકાય? કારણ કે હું, સભામાં મૂછો ધરાવતો સૌથી અલગ માણસ હતો, તેથી બધાએ મારી દિશામાં જોયુ અને હસવા લાગ્યા. સર્વજ્ઞ સ્વામી જાણતા હતા કે મારા જેવા નવા વ્યક્તિને શરમ આવશે. સત્ર પૂરું થયા પછી, સ્વામી છેક મારી તરફ આવ્યા, પોતાનો ઝભ્ભો ઉચક્યો અને મને પાદનમસ્કાર લેવા કહ્યું. તેમણે મને કહ્યું, બંગારુ (મારા પ્રિય), તું આખરે તારા પોતાના ઘરે પહોંચી ગયો છે. સોનાની ધાતુને આભૂષણમાં રૂપાંતરિત કરવા માટે, સુવર્ણકાર (સોની) તેને એક કુલડીમાં મૂકે છે, તેને આગમાં ઓગળવા દે છે, હથોડીથી મારે છે, તેને વિવિધ આકારોમાં કાપે છે, અને અંતે સુંદર આભૂષણ બને છે. એ જ રીતે, હું પણ તમને ઘડું છું અને તમને વધુ સારા વ્યક્તિ બનાવવા માટે શુદ્ધ કરું છું. આ એક ઓટોમોબાઈલ વર્કશોપ જેવું છે. તમે બધા વિવિધ પ્રકારના વાહનો છો જે નાના અને મોટા સમારકામ માટે આવ્યા છો. ક્યારેય નિરાશ ન થાઓ. હું હંમેશા તમારી પાછળ છું.‘‘

આમ, સ્વામીએ અમારા જેવા શિક્ષકોને ખૂબ જ કુશળતાથી ઘડવામાં વ્યક્તિગત રસ દાખવ્યો, અને તે પણ ભગવાનની યુનિવર્સિટીમાં અમારી શિક્ષકોની પહેલી બેચ હતી. બીજા દિવસે સવારે, મેં ભગવાનના મૂલ્યો અનુસાર ચાલવા અને તેમની અપેક્ષાઓ પર ખરા ઉતરવા માટે મારી મૂછો દૂર કરવાનું નક્કી કર્યું. મારા સ્વચ્છ મૂછ વગરના દેખાવ સાથે, હું તેમની પાસેથી સ્વીકૃતિ (સંમતિ) મેળવવા માટે મંદિરમાં દર્શન કરવા ગયો. દર્શન દરમિયાન, સ્વામીએ મારી આંખોમાં ધ્યાનપૂર્વક જોયું અને એક રહસ્યમય સ્મિત કર્યુ જે મૌખિક અભિવ્યક્તિથી પણ વધીને એક ગહન સંદેશ આપતુ હતુ. તેમની નજર પ્રેમથી છલકાઈ ગઇ હતી જેણે મને કોલેજમાં શિક્ષણ આપવા જવા માટે ઘણો આત્મવિશ્વાસ આપ્યો.

**તમે ત્યારે જ એક આદર્શ બની શકો છો જ્યારે તમે ત્યાગ કરવા તૈયાર હોવ.**

ભગવાનના માસ્ટર પ્લાન મુજબ, SSSIHL ના

બધા કેમ્પસ ધીમે ધીમે બધી બાબતોમાં પોતાની ગતિએ વિકસ્યા. યુનિવર્સિટીની સ્થાપના પછીના શરૂઆતના તબક્કામાં, ભગવાન વિવિધ બાબતોમાં માર્ગદર્શન આપવા માટે નિયમિતપણે વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો અને સહાયક સ્ટાફ (કેટલીક વખત સંયુક્ત અને ક્યારેક અલગ) ને સંબોધતા હતા. શૈક્ષણિક વર્ષ ૧૯૮૫-૮૬ ના અંતમાં, વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, સંશોધન વિદ્વાનો, વહીવટી સ્ટાફ, સહાયક સ્ટાફ પુટ્ટપર્તિ ખાતે સંસ્થાકેમ્પસના પ્રાર્થના હોલમાં ભગવાનને સાંભળવા માટે ભેગા થયા હતા. ભગવાન તેમની કારમાં કેમ્પસમાં આવ્યા હતા, તેમની સાથે કેટલાક ખાસ મહેમાનો પણ હતા. ભગવાન તેમની ખુરશી પર બેઠા હતા, અને વિદ્યાર્થીઓ મધમાખીની જેમ, તેમની આસપાસ ફરતા હતા. સ્વામી ધીમે ધીમે વિદ્યાર્થીઓમાં ફરતા હતા કારણ કે તેઓ તેમના ચરણોને પ્રેમથી સ્પર્શ કરતા હતા. પછી મેં મારી અંદર મનોમન આ રીતે કહ્યું: ‘‘સ્વામીનો તેમના વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ, સામાન્ય માનવીની ભાષાઓમાં સમજાવી શકાતો નથી.‘‘

ભગવાને પોતાનું ભાષણ ચાલુ રાખતા આગળ કહ્યું: શૈક્ષણિક પ્રણાલીની સફળતા ફક્ત ભૌતિક માળખા અને ભંડોળ પર આધારિત નથી, પરંતુ શિસ્તબદ્ધ વિદ્યાર્થીઓ અને સમર્પિત શિક્ષકો પર આધારિત છે. હું વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મઠારીને આદર્શ બનાવીશ. તમે બધા તમારી જાતે યુનિવર્સિટીમાં જોડાયા નથી. મેં મારા માસ્ટર પ્લાન મુજબ તમારામાંથી દરેકને મારી દરેક સંસ્થામાં આકર્ષ્યા (ખેંચ્યા) છે. તેથી, તમારામાંથી દરેકને તમારા પોતાના ભલા માટે પરીક્ષણો અને મુશ્કેલીઓમાંથી પસાર થવું પડશે. પછી સ્વામીએ મારી તરફ જોઈને કહ્યું, હું જાણું છું કે તમારી પાસે વિવિધ પડકારો છે; હું તમારી બધી સમસ્યાઓ હલ કરીશ. તમે કંઈપણ માંગશો, હું તમને આપીશ. આ હાથ (તેમની હથેળી લંબાવતા) પાસે બધું છે. તમે ખચકાટ વિના કંઈપણ માંગશો; હું તમને આપીશ.

ફરીથી, ભગવાને મારી તરફ જોઈને કહ્યું, હું ઈચ્છું છું કે તમે શિક્ષકો આ સમજો; એક સારી શૈક્ષણિક સંસ્થા ત્યારે જ વિકાસ પામશે જ્યારે શિક્ષકો પાશવિક સુખ-સુવિધાઓથી ઉપર ઉઠવાનુ શીખશે. અને જો તમે પોતે આ માનસિક અવરોધને દૂર નહીં કરો, તો તમે હાલના વાતાવરણમાં વિદ્યાર્થીઓ જે પડકારોનો સામનો કરે છે તેને કેવી રીતે બિરદાવી શકો છો? આનાથી મને વધુ સ્પષ્ટતા મળી કારણ કે હું અત્યાર સુધી વિચારતો હતો કે હું અખબારોમાં આવતી જાહેરાતનો જવાબ આપતા રહી, મારી પોતાની ઈચ્છાથી યુનિવર્સિટીમાં જોડાયો છું -.

**સમય અને અવકાશને પાર કરતી દૈવી કૃપા.**

૧૯૮૬ માં, પાછલા વર્ષોથી વિપરીત, સ્વામી એપ્રિલ મહિનામાં પણ પુટ્ટપર્તિમાં રહ્યા. સામાન્ય રીતે ફેબ્રુઆરી પછી, તેઓ ઉનાળાનો સમય ત્યાં વિતાવવા માટે બેંગલુરુના બ્રિંદાવન જતા હતા. અમારી પ્રાથમિક શાળામાં ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતો મારો પુત્ર તેની વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ કરી અને અમારા વતન, વિશાખાપટ્ટનમમાં ઉનાળાની રજાઓ ગાળવાની તૈયારી કરી રહ્યો હતો. હું અંતિમ સેમેસ્ટર પરીક્ષાના સ્ક્રિપ્ટોના મૂલ્યાંકન પ્રક્રિયામાં વ્યસ્ત હતો. મેં મનોમન વિચાર્યું કે સ્ક્રિપ્ટોની માર્કિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે હું તે દિવસે દર્શન માટે નહીં જાઉં. જોકે, મારો દિકરો મારી નજીક આવ્યો અને કહ્યું, અહીં એક સ્થાપિત પ્રથા છે - ભગવાનની શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ ઉનાળાના વેકેશન પહેલાં ઘરે જતા સમયે સ્વામીને ઘરે જવા માટે લેખિતમાં પત્ર આપે છે. તેથી, હું પણ આજે સાંજે મંદિરમાં જઈને સ્વામીને પત્ર આપીને તેમની પરવાનગી લેવા માંગુ છું. આમ કહીને, તે દર્શન માટે મંદિરમાં દોડી ગયો. પછી હું પણ તેની પાછળ મંદિરમાં ગયો કારણ કે હું પણ આગામી ઉનાળાના વેકેશન દરમિયાન મારા પુત્રની આંખની નાની સર્જરી વિષે ભગવાનને જણાવવાનો હતો. મેં ઝડપથી આ સંબંધમાં એક પત્ર લખ્યો અને ભગવાનને તે જાતે સોંપવા મંદિર ગયો.

સ્વામીએ જોયું કે અમે મંદિરના વરંડાની સામે બેઠા છીએ, અને કૃપા દર્શાવતા, પૂછપરછ કરવા માટે અમારી નજીક આવ્યા. હું ઘૂંટણભર ઊભો થયો, અને ભગવાને મને કહ્યું, શું વાત છે? મેં જવાબ આપ્યો, ભગવાન, અમે ઉનાળાની રજાઓમાં અમારા વતન જઈ રહ્યા છીએ. હું મારા પુત્રની નાની તકલીફ દૂર કરવા માટે આંખની સર્જરી કરાવવાનું પણ આયોજન કરી રહ્યો છું. ભગવાને મારા હાથમાંથી પત્ર લીધો અને મંદિર પરિસરની બંને બાજુ ભેગા થયેલા ભક્તો તરફ આગળ વધ્યા. પ્રદક્ષિણા પછી મંદિરના વરંડામાં પાછા ફરતા, તેમણે મને એક સુખદ આશ્ચર્ય આપ્યું; મહિલાઓના વિભાગમાં બેઠેલ મારી પત્ની અને પુત્રીને દર્શાવીને કહ્યું, તમારી પત્ની અને પુત્રીને બોલાવો(જેમને તેઓએ (સ્વામીએ) પહેલા ક્યારેય જોયા ન હતા) અને અમને ઈન્ટરવ્યૂ રૂમમાં જવાનો ઈશારો કર્યો. ઈન્ટરવ્યૂ દરમિયાન, સ્વામીએ ભૂતકાળમાં મારા જીવનમાં બનેલી ઘણી બાબતો જાહેર કરી. તેમણે કહ્યું, હું તમને ઘણા સમયથી જોઈ રહ્યો છું અને મેં એક ગંભીર પરિસ્થિતિમાં તમારો જીવ બચાવ્યો હતો. મને ૧૯૭૦ ના દાયકાની શરૂઆતમાં બનેલી એક ઘટના યાદ આવી જ્યારે હું અને મારો નાનો ભાઈ ટુ-વ્હીલર પર જઈ રહ્યા હતા. વિરુદ્ધ દિશામાં આવી રહેલી એક ટેક્સીએ વ્હીલ પરનો કાબુ ગુમાવ્યો અને અમારા ટુ-વ્હીલર સાથે અથડાઈ ગઈ. આજે પણ, હું કહીશ કે, તેમની કૃપા સિવાય, અમે કેવી રીતે બચી ગયા તે સમજાવી શકાય નહીં.

**ભગવાની સર્વ વ્યાપકતા અને સર્વજ્ઞતા.**

સ્વામીએ ઈન્ટરવ્યુમાં મને પૂછ્યુંઃ ‘‘તમારું માનસિક નિયંત્રણ કેવુ છે?‘‘ હું સમજી શક્યો નહીં કે સ્વામી શું કહી રહ્યા હતા. સ્વામીએ ફરીથી મને પૂછ્યું, ‘‘તમારું માનસિક નિયંત્રણ કેવુ છે? શરમાશો નહીં.‘‘ હું હજુ પણ સમજી શક્યો નહીં, અને મને લાગ્યું કે સ્વામી મારી મજાક કરી રહ્યા છે. તે સમયે સ્વામીએ એક ખુલાસાત્મક નિવેદન આપ્યુંઃ ‘‘૧૯૭૦ ના દાયકામાં વિશાખાપટ્ટનમમાં તમારા ઘરના દાદરના રૂમમાં બેસીને, તમે ‘મન-નિયંત્રણ (Mind Control)’ પર એક પુસ્તક વાંચતા હતા અને તમારી લીલી (Green) ડાયરીમાં નોંધો લખતા હતા.‘‘છેક ત્યારે જ મને મન નિયંત્રણ વિશેનો તેમનો ઉલ્લેખ યાદ આવ્યો. હું વિશાખાપટ્ટનમ ખાતે અમારા ઘરના મુખ્ય રૂમમાં સ્વામી બુધાનંદ દ્વારા લખાયેલ રામકૃષ્ણ મિશનનું ‘માઈન્ડ એન્ડ ઇટ્સ કંટ્રોલ’ પ્રકાશન વાંચતો હતો અને લીલા રંગના જેકેટ સાથે જૂની ડાયરીમાં નોંધો લખતો હતો. આજે પણ જ્યારે હું ખરાબ હાલતમાં હોઉં છું, ત્યારે હું આ પુસ્તક વાંચવાનું ચાલુ રાખું છું. મારી પાસે હજુ પણ લીલી ડાયરી છે. સ્વામીએ સવાલનું પુનરાવર્તન કર્યું ‘‘તમારુ માનસિક નિયંત્રણ કેવું છે?‘‘ મેં સ્વામીને સંકોચપૂર્વક જવાબ આપ્યો, હું હજુ પણ મન પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છું. સ્વામીએ કહ્યું, ફક્ત પ્રયાસ કરતા રહેશો નહીં, નહીતર ટૂંક સમયમાં તે સુકાઈ જશે. પછી સ્વામીએ મને ફરીથી કહ્યું, જ્યારે તું મારા માર્ગદર્શન હેઠળ અહીં છે, ત્યારે તું ચોક્કસ મન પર નિયંત્રણ મેળવીશ.

મેં સ્વામીને વચન આપ્યુ, અવશ્ય, તમારા આશીર્વાદથી, હું ચોક્કસ મન પર નિયંત્રણ મેળવીશ. (ક્રમશઃ..)

---

**- લેખક, ૧૯૮૫ થી ભગવાનના પ્રખર ભક્ત, SSSIHL ના મેનેજમેન્ટ અને વાણિજ્ય વિભાગમાં ૨૦૨૪ સુધી પ્રોફેસર તરીકે સેવા આપી. તેઓ હાલમાં SSSIHL માં વિઝિટિંગ પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે.**

---



**આગામી દિવસોમાં ઉજવવામાં આવનાર નવરાત્રી ઉત્સવ અને દિવાળીના તહેવારો માટે સનાતન સારથિ ટીમ તરફથી સૌ વાચકોને, ભક્તોને, ભાઈ-બહેનોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.**



# માનવીની સેવામાં ભગવાન

આર.જે.રત્નાકર

૧૯૯૧માં મારૂ એમ.બી.એ. પૂરૂ કર્યા પછી સ્વામી ઈચ્છતા હતા કે હું નોકરી સ્વીકારી લઉ અને 'તેમણે' દરેક વસ્તુ ગોઠવી દીધેલ. જ્યારે સ્વામીએ મને નોકરી કરવાનો આદેશ આપ્યો ત્યારે મારો પ્રથમ પ્રતિભાવ એ હતો કે હું તેમને વિનંતી કરૂ કે તેમની ભૌતિક હાજરીમાં રહેવાના સૌભાગ્યથી મને દૂર કરી ન દે. મતલબ કે મને તેમના વ્હાલભર્યા સાન્નિધ્યમાં રહેવા દે. ત્યાર પછી સ્વામીએ ખૂબજ પ્રેમથી મને સમજાવ્યું. ''તને બહારની દુનિયાનો કોઈ જ અનુભવ નથી. તારે દુનિયાની રીત-રસમો શીખવી પડશે. અને તેમાં કેવી રીતે આગળ વધવું તે જાણવું પડશે. મેં ફરીથી વિનંતી કરી કે મને 'તેમના' ચરણાર્વિંદ સિવાય બીજુ કશું જોઈતું નથી. આ વાત થોડીક આગળ ચાલી અને અચાનક સ્વામીએ મને તેલુગુમાં મક્કમ અવાજે કહ્યું ''ઊન્ડી પોથાવા? વેલ્લી લેઈકા નસ્તાવા?'' જેનો અર્થ થાય છે કે શું તું અહીં પાછો રોકાઈ જવા ઈચ્છે છે અને પછી ઉપડવાનો છે કે પછી અત્યારે જઈશ અને ફરી પાછો આવીશ? તત્કાલ મારા મનમાં એક ચમકારો થયો કે સ્વામી શું સૂચવી રહ્યાં હતાં અને સમય વેડફ્યા વિના હું તેમના ચરણોમાં નમી પડ્યો એવું કહીને ''વેલ્લી નસ્તાનું સ્વામી'' હું હમણા જઈશ અને પછીથી ફરી આવીશ.

હું માનું છું કે ૧૦ મી જુલાઈ ૧૯૯૧ ની આસપાસનો આ સમય હતો. સ્વામીએ થોડાક ભક્તોને જણાવ્યું કે 'તેઓશ્રી' બીજે જ દિવસે વ્હાઈટ ફિલ્ડ જઈ રહ્યા છે. તેઓને નવાઈ લાગતી હતી કે એવું કયું કારણ હોઈ શકે કે સ્વામી આ અચાનક મુસાફરી માટે જાય છે. જ્યારે સ્વામી વ્હાઈટફિલ્ડના વૃંદાવનના આશ્રમથી રાબેતા મુજબની ઉનાળુ યાત્રાથી હમણા જ પાછા ફર્યા છે. બીજા જ દિવસે સ્વામી વ્યક્તિગત રીતે મને 'તેમની' સાથે લઈને બેંગ્લોર મૂકવા માટે આવ્યા. 'તેઓ' માત્ર એક દિવસ માટે વૃંદાવનમાં રોકાયા 'તેઓ' સવારમાં આવ્યા અને સાંજે પુટ્ટપર્તિ પાછા આવ્યા. સાંજના ૪-૩૦ વાગે પુટ્ટપર્તિ જતા પહેલા સ્વામીએ મને બોલાવ્યો અને કહ્યું, તારી નોકરીમાં જોડાવાની તારીખ આવતી કાલની છે અને તારે સવારે ૯-૦૦ વાગે કાર્યાલયમાં ઉપસ્થિત થવું પડશે. તેમણે મને તે જ સાંજે શહેરમાં જવાનું સૂચવ્યું. કારણ સવારનો ટ્રાફિક જે મારી નોકરીના પ્રથમ દિવસે પહોંચવામાં વિલંબ કરી શકે તેમ હતો. 'તેમના' ચરણાર્વિંદને સ્પર્શ કરવા (પાદ નમસ્કાર કરવા) હું નીચે નમ્યો પણ આંસુઓ મારા ગાલ પરથી નીચે પડ્યા. કારણ કે તે પહેલી જ વખત હું તેમનાથી' અને પુટ્ટપર્તિથી છૂટો પડી રહયો હતો. સ્વામીએ માત્ર મારો ખભો થાબડીને મને કહ્યું, ''બધું જ સારૂ થઈ જશે''. 'તેમના' અવાજમાં રહેલી 'તેમની' લાગણીઓ અને પ્રેમને હું અનુભવી શક્તો હતો.

'તેઓશ્રી' તેમના રૂમ તરફ ચાલવા લાગ્યા. હું 'તેમને' દૂર સુધી જોવા ઈચ્છતો હોવાથી મેં આંખ બંધ રાખી અને પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. હું માત્ર બારણું બંધ થાય તેના અવાજની રાહ જોઈ રહ્યો હતો અને સામાન્ય રીતે જે જગ્યાએથી 'તેમણે' મને પાદનમસ્કાર કરવા દીધા હતાં ત્યાંથી સ્વામીના ઓરડા સુધી પહોંચવા માટે માત્ર ૧૫ સેકંડ લાગે પરંતુ થોડોક સમય મેં કાંઈજ અવાજ સાંભળ્યો નહીં અને હું મનમાં મુંઝાયો. ધીમેથી મારી આંખો ખોલી તો સ્વામીના ચરણાર્વિંદ અને લાલ ઝભ્ભો જોઈ આશ્ચર્ય થયું. પછી ઊંચે જોયું તો સ્વામી મારી સામે જ ઉભા હતા. અને મને ચિંતાથી નિરખી રહ્યા હતાં. સ્વામીએ કહ્યું, ''તું પહેલીવાર બહારની દુનિયામાં પગ માંડી રહ્યો છે. હંમેશા એક વાત યાદ રાખજે એવું કશું પણ કરવું નહીં કે તમારી જાતને કોઈ સન્માનપૂર્વક જોઈ ન શકે.'' આ શબ્દો મનમાં જડાઈ ગયા તે માત્ર સલાહ ન હતી, 'તેમણે' મને એક મંત્ર આપ્યો હતો. મારા જીવનનો તે પથદર્શક સિદ્ધાંત બની રહ્યો છે. જ્યારે જ્યારે આંખો બંધ કરૂ છું ત્યારે ત્યારે 'તેઓ' મને આ કહેતા હું સાંભળું છું.

આપણામાંથી દરેક વ્યક્તિ, સ્વામી દ્વારા ઘડાતી, ઘસાતી (મઠારાતી) અને માર્ગદર્શન પામતી રહી છે. દરેકને કોઈ ને કોઈ ખાસ હેતુ માટે ઘડી કાઢવામાં આવેલ છે.

મને નેપાળની મારી મુલાકાત યાદ કરવી ગમશે.જ્યારે સાઈભક્તો વચ્ચે વિશાળ પ્રેમ અને એકતા જોઈ હું હૃદયથી પીગળી ગયેલો, એ અનુભવ ખરેખર નમ્ર બનાવી દે તેવો હતો જે મારા હૃદય પર કદી ન ભૂલી શકાય તેવી છાપ છોડી ગયેલ છે. ત્યાંના ભવ્ય અને આત્મિય ઉન્નતી કરાવતા મંદિરો જેની મુલાકાત લેવાનો આશીર્વાદ મળ્યો. આ મંદિરોની વિશેષતા એ હતી કે તે શ્રીમંત લોકોએ નહીં પરંતુ સામાન્ય લોકોએ બનાવેલ હતા. મારા માટે તો આ ભગવાનની કૃપાનો સાક્ષાત્કાર હતો. જ્યારે સામાન્ય સાધારણ લોકો અસમાન્ય કાર્ય કરે છે ત્યારે તે દૈવી પ્રેરણાનું જીવન સાખ્ય (સાક્ષી)નું સ્વરૂપ બની જાય છે. જો સમૃદ્ધ લોકો મોટા ભવ્ય પ્રોજેક્ટ કરે તો તેમાં ખાસ કાંઈ આશ્ચર્યજનક નથી હોતુ. સાચુ આશ્ચર્ય તો સામાન્ય લોકો જ્યારે ખૂબજ જબરજસ્ત કાર્યો ઉપાડી લે અને દૈવી માર્ગદર્શનથી પૂરૂ કરે તેમાં જ બધી જ સાઈ સંગઠનના આ સિદ્ધાંતનું ઉદાહરણ પૂરૂ પાડે છે. સ્વામીએ પોતાના મિશન માટે કોલાહલથી ગાજતા મોટા શહેરો કે પ્રખ્યાત સ્થળોને પસંદ કર્યા ન હતા પરંતુ એક અંતરિયાળ ગામ પુટ્ટપર્તિને પસંદ કર્યું. જ્યાંથી એક આધ્યાત્મિક ક્રાંતિની શરૂઆત થઈ અને ત્યારથી તે આખી દુનિયામાં ફેલાઈ ગઈ. સ્વામી વારંવાર સામાન્ય વાર્તાલાપો કે સંવાદોમાં પણ ઊંડુ જ્ઞાન આપતા.

મને એક પ્રસંગ સ્પષ્ટ રીતે યાદ છે. એક સમાચાર ફેલાઈ રહ્યાં હતાં જેમાં તેમના વિશે ખોટી રજુઆત કરવામાં આવેલી. મેં તે સમાચાર સ્વામીને વાંચી સંભળાવ્યા અને નમ્રતાપૂર્વક કહ્યું. ‘‘સ્વામી આપણે સાચી માહિતી આપવી જોઈએ. મેં કાળજીપૂર્વક એવું સૂચવેલ કે આપણે પ્રતિક્રિયા આપવી ! તેનું ખંડન કરવું જોઈએ. છતાં સ્વામીએ તે પદ્ધત્તિને સ્વીકારી નહીં. તેઓ માત્ર એટલું જ બોલ્યા, ‘‘છોડીદો, એમ જ રહેવા દો. આપણે કંઈક કહીએ તો વાત વધતી જાય. ૧+૧ =૨ થાય, ૨+૨ =૪ થાય એટલે એને એમજ રહેવા દો. મેં આગ્રહ રાખી એવી ચિંતા વ્યક્ત કરી કે આવી ખોટી માહિતીઓથી ભક્તોની લાગણીઓ દુભાશે અને તે લોકોને આપણી સ્વીકૃતિ માની લેશે. સ્વામીએ સ્મિતપૂર્વક કહ્યું, ‘‘જ્યારે તમે નદી કાંઠે ઉભા રહીને નદીને જુઓ છો ત્યારે તે ધીમેથી વહેતી હોય છે. તમે કદાચ થોડીક મિનીટ તે નિહાળશો પણ થોડી વાર પછી તમે કંટાળી જશો અને ચાલતા થશો. હવે થોડી મિનિટ કલ્પના કરો કે એ જ નદી, ખીણ, ઝરણું, વળાંક કે મોટો પથ્થર મળે ત્યારે છાંટા ઉડાડે છે, ગર્જે છે, નાચે છે કેટલું સુંદર લાગે છે ! આ અવરોધો જ નદીને મોહક બનાવે છે. તેવી જ રીતે જીવનમાં પડકારો જ જીવનને સુંદર બનાવે છે. જો જીવન એકસરખુ સરળ અને નિસ્તેજ હોય તો તે કંટાળાજનક બની જાય છે. જીવનમાં અનુભવોનું મિશ્રણ હોવું જોઈએ. જેમ નદી તેના વળાંકો અને ચઢાવ ઉતરાવથી ગતી મેળવે છે તેમ આપણી જીવન-મુસાફરી પણ ચઢાડ-ઉતારથી જ વૃદ્ધિ પામે છે. આપણે વધારે સારા કાર્યોનો મજબૂત સંકલ્પ અને ઝડપથી આગળ વધારી તપાસી અવરોધોનો સામનો કરી જેમ નદી સમુદ્ર સુધી પહોંચે છે તેમ તમારે દરેક પડકારોમાંથી પસાર થઈને તમારા દિવ્ય લક્ષ સુધી પહોંચવું જોઈએ.

ભગવાનની ૧૪ વર્ષની ઉંમરથી ૮૫ વર્ષ સુધીની દરેક ક્ષણ ભક્તોના ઉદ્ધાર માટે સમર્પિત હતી. આ અડગ પ્રતિબદ્ધતાએ આપણા સૌના જીવનમાં અપરંપાર સૌંદર્ય અને પરિવર્તન લાવેલ છે.

સ્વામી દરેક વસ્તુ, જે કાંઈ કરતા તેમાં સુક્ષ્મ ધ્યાન રાખતા, સૌથી સરળ કાર્યમાં પણ તેમની પૂર્ણ એકાગ્રતા રહેતી. કોઈપણ વસ્તુને ક્યારેય અવગણતા નહીં. દરેક વસ્તુનું નિરીક્ષણ કરતા. જો કોઈ મહેમાન આવવાના હોય તો તેઓ વહીવટકર્તાઓને નાની નાની બાબત પૂછતા. ‘‘તમે રૂમમાં ટુવાલ તપાસેલ છે? તે સ્વચ્છ છે કે મેલો? તેઓ તેમને ફ્લશ ચકાસવા, પાણી બરાબર આવે છે કે નહીં તે જોવા અને બધુ સંપૂર્ણરીતે વ્યવસ્થિત છે કે નહીં તેની ખાતરી કરવાનું કહેતા. સ્વામી સાથે કામ



કરવું સહેલું ન હતું. રાત્રે પરવારી જતા પહેલા તેઓ હાથમાં લીધેલ પ્રોજેક્ટ અંગેની વિગતો મેળવતા અને બીજા દિવસે સવારે પહેલી જ વાત 'એમની' હોય, પ્રોજેક્ટ પર શું અપડેટ છે? એવું લાગતું કે દુનિયા સુતી હોય ત્યારે પણ પ્રગતિની અપેક્ષા રાખતા.

પ્રશાંતિ નિલયમમાં દરેક પ્રોજેક્ટ રેકોર્ડ સમયમાં પૂરો થયો હતો તેનું કારણ આ સ્તરે કાર્યમાં નિમગ્નતા હતી. સ્વામીએ ૮૦ વર્ષમાં જે સિદ્ધિ પ્રાપ્ત કરી તે કલ્પના બહારની છે. સામાન્ય મનુષ્યો ૮૦૦ વર્ષમાં પણ એવું કરી શકશે નહીં. તેમના કાર્યનો વ્યાપ (પ્રસાર) અને ચોકસાઈ અઢળક છે. સ્વામી એકવાર જ્યારે જે કોઈ પ્રોજેક્ટ હાથમાં લેતા ત્યારે તેમાં સંપૂર્ણપણે લીન બની જતા. 'તેઓ' એ પ્રોજેક્ટ વિશે જ સતત વિચારતા અને અતૂટ ધ્યાન રાખતા. સૌથી આશ્ચર્યજનક ઉદાહરણોમાંનું એક ઉદાહરણ છે આશરે ૪૦૦૦ બેઠકો ધરાવતું વિશાળ ઈનડોર સ્ટેડીયમનું નિર્માણ જે ફક્ત ૧૨૬ દિવસમાં જ પૂર્ણ કરેલ. આ અવિશ્વસનીય લાગે પણ આ અમે અમારી નજરે જોયું છે. એકવાર સ્વામી કોઈ પ્રોજેક્ટ શરૂ કરે તો જે કંઈ વાતચીત થતી, તો 'તેઓ' હંમેશા એક જ પ્રશ્ન પર પાછા ફરતા ! ''કામ કેવી રીતે ચાલી રહ્યું છે? 'તેમનો' મક્કમ સંકલ્પ હીરા જેટલો મજબૂત હતો. અને 'તેમની' સંપૂર્ણ દેખરેખ, ચમત્કાર સર્જતી. સ્વામી જ્યારે પણ પ્રોજેક્ટના સ્થળે જતા ત્યારે નિરીક્ષણ કરવા જતા નહોતા પરંતુ કામદારો અને સેવકોને પ્રેરણા આપવા જતા. 'તેઓ' જાતે ફળ અને મીઠાઈઓ વહેંચતા. પરિણામે સૌમાં ઉત્સાહ અને હેતુ જાગૃત થતો. કામદારોએ ક્યારેય કલ્પના પણ ન કરી હોય કે તેઓ આટલું બધુ કામ કરવા સક્ષમ છે તેવું કામ તેઓ સ્વામીની માત્ર હાજરીના સ્પર્શથી કરી નાખતા અને કાર્યક્ષમતામાં અનેકગણો વધારો થયેલ જોવા મળતો અને નિયત કાર્ય અદ્ભુત ઝડપથી પુરૂ થઈ જતું.

કલ્પના કરી શકો છો કે, સર્વોચ્ચ સત્તાધીશ જાતે જ મજૂરો સાથે પ્રોજેક્ટના સ્થળ પર વાત કરી રહ્યાં હોય !! કોઈને વિચાર આવે કે 'તેમને' આવું શા માટે કરવું પડે? પરંતુ જ્યારે 'તેઓ' ત્યાં પહોંચતા ત્યારે અદૃશ્ય ઊર્જાની લહેર કામદારોમાં વહેતી. 'તેઓ' એટલા પ્રેરિત થતા કે દરેક વ્યક્તિ ત્રણ જણા (માણસો)નું કાર્ય કરતા એ રીતે સ્ટેડિયમ રેકોર્ડ સમયમાં પૂર્ણ થયેલું. તે સમયના ભારતના રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.અબ્દુલ કલામ જેમણે સ્ટેડીયમનું ઉદ્ઘાટન કરેલ. તેમણે કહ્યું કે આવું કાર્ય માત્ર સ્વામી જ કરી શકે, બીજુ કોઈ નહીં. આવી એકાગ્રતા પ્રતિબદ્ધતા અને દૈવી માર્ગદર્શને, શ્રી સત્ય સાઈ મિશનના દરેક પાસાને દિશા આપી છે. સ્વામી એ સમયમાં અવતર્યા જ્યારે ભારત બ્રિટીશ શાસન હેઠળ હતું. જ્યારે કહેવાતુ કે બ્રિટીશ સામ્રાજ્યનો ક્યારેય સૂર્ય અસ્ત નથી થતો (આથમતો નથી.) તો તે છે શ્રી સત્યસાઈ આધ્યાત્મિક સામ્રાજ્ય. તેમનું મિશન દુનિયાના ખૂણે ખૂણે પહોંચી ગયેલ છે. માનવજાતને મુક્તિ, પ્રેમ અને આધ્યાત્મિક્તાનો માર્ગ બતાવી રહેલ છે. આઓ આપણે પ્રાર્થના કરીએ કે 'તેમનો' દૈવી પ્રકાશ અને પ્રેમ આપણને હંમેશા માર્ગદર્શન આપે.

''સમસ્ત લોકા સુખીનો ભવન્તુ''

**લેખક- શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટ મેનેજીંગ ટ્રસ્ટી છે.**

# ભક્ત પુત્રીની સ્મૃતિઓ

**એસ. નલિની**

નિમ્નલિખિત વાતો શરૂઆતના મારા સ્વામી સાથે વિતાવેલ પવિત્ર પ્રસંગોની ઝાંખી કરાવે છે. દરેક ક્ષણ એ વાતની ખાતરી છે કે 'તેઓ' સર્વજ્ઞ છે અને અવિરત પ્રેમનો સાગર છે.

ભગવાન શ્રી સત્ય સાઈબાબા સર્વ દેવતા અતીત સ્વરૂપ, સર્વ શક્તિ સ્વરૂપ, સર્વ મંત્ર સ્વરૂપ, સર્વ યંત્ર સ્વરૂપ, સર્વ શક્તિ, સર્વ વ્યાપી, સર્વાન્તર્યામી, અને સર્વ જીવવાસી છે. અમારા આખા કુટુંબને, સ્વામીએ 'તેમના' દિવ્ય સાનિધ્યનો લાભ ૧૯૬૯થી આપવાનું શરૂ કર્યું. ફક્ત ૧૦ વર્ષની ઉંમરે ૧૯૬૯માં મેં ઉલસુરની બાલ વિકાસ સમિતિ, બેંગલુરુના સર્વ પ્રથમ વર્ગમાં સ્થાન મેળવ્યું. હું નાની હોવા છતાં સ્વામીએ મારા સ્વપ્નમાં આવવાનું શરૂકરી દીધું હતું.

એક વખત ૧૯૭૨ ના ડિસેમ્બરમાં સ્વામી મારા સ્વપ્નમાં આવ્યા; મને અમૃત ભરેલી ચમચી આપી કહ્યું, ‘‘તારી પ્રગતિ થશે.‘‘ હું તો ૮માં ધોરણમાં અભ્યાસ કરતી હતી. મને સમજ ન પડી કે સ્વામીના આ વાક્યનો શું મતલબ હશે. ફક્ત એક જ મહિનામાં મને સમજાયું જયારે સમિતિમાં સર્વ પ્રથમ બાલ વિકાસ સંમેલનના આયોજનની ઘોષણા કરવામાં આવી કે જે ૧૩મી જાન્યુઆરી ૧૯૭૩માં બ્રિન્દાવન, વ્હાઈટફિલ્ડ, બેંગલુરુમાં આયોજિત કરવામાં આવ્યું હતું. સ્વામીની હાજરીમાં વક્તવ્ય આપવા છોકરીઓમાંથી મારી પસંદગી કરવામાં આવી. બે દિવસ પછી, ૧૫મી જાન્યુઆરીએ મારા જન્મદિવસે હું ફ્લો લઈને બ્રિન્દાવન ગઈ. સ્વામી મારી પાસે આવી તમિલ ભાષામાં બોલ્યા, ‘‘એહ! તે જ વક્તવ્ય આપ્યું હતું ને, કેમ? ખુબ સરસ હતું!‘‘ સ્વામીએ કરેલ પ્રશંસાથી ખુબ સારું લાગ્યું. પરંતુ એમ પણ વિચાર આવ્યો કે સ્વામીને ખબર હશે કે આજે મારો જન્મદિવસ છે? આ વિચાર દરમિયાન સ્વામી બે ભક્તો પાસેથી પસાર થઇ આગળ વધી ચુક્યા હતા ત્યાંથી પાછા ફર્યા અને બોલ્યા, ‘‘જન્મદિવસ છે ને?‘‘ તેટલું બોલી તેમણે મને આશીર્વાદ આપ્યા, વિભૂતિ ઉત્પન્ન કરી, અને મને આપી.

સ્વામી સાચી ભક્તિને હંમેશા સાંભળે છે, જુએ છે, અને જવાબ આપવા તત્પર રહે છે. તેમનો પ્રેમ-સમય અને વિધિવિધાનના બંધનોથી મુક્ત છે - તેમનો પ્રેમ દરેક પવિત્ર હૃદય તરફ સતત વહી રહ્યો છે.

હું ૧૯૭૭માં બ્રિન્દાવનમાં આયોજિત સમર કોર્સમાં ભાગ લેવાને પાત્ર હતી. સમર કોર્સ માટે બેંગલુરુ જિલ્લામાંથી વિદ્યાર્થીઓની પસંદગી કરવા એક લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું. પરંતુ ફક્ત એક જ અંક માટે મારી પસંદગી ન થઇ. હું ખૂબ હતાશ થઇ ગઈ. ઘરે સ્વામીના ફોટો સામે ખૂબ ગુસ્સે થઇ. સ્વામી ઉપર આરોપ લગાવ્યો કે તેમની ઉપર મારો પ્રેમ એક તરફી છે. હું તેમને પ્રેમ કરું છું પણ તેઓ મને જરા પણ પ્રેમ નથી કરતા. આ દરમિયાન મારા પિતા સાથે મારે અને મારી બહેનને બ્રિન્દાવન જવાનું થયું. મેં સ્વામી પ્રત્યેની મારી બધી જ નિરાશાઓને પત્રમાં ઉતારી અને તેને સાથે લઇ લીધો.

બ્રિન્દાવનમાં ખુબ ભીડ હતી. છતાં અમને સ્વામીની ખુરશીની બરાબર સામે બેસવાનો લાભ મળ્યો. હું સ્વામીથી ડરતી ન હતી પરંતુ આ વખતે પેલા પત્રને લીધે ઘણી ક્ષોભાયમાન સ્થિતિમાં હતી. સ્વામી દર્શન આપવા આવ્યા છતાં મેં પેલો પત્ર તેમને ન આપ્યો. સ્વામી મારી સામે આવી ઉભા રહ્યા, પોતાનો હાથ આગળ કર્યો, અને જ્યાં સુધી મેં પત્ર ન આપ્યો ત્યાં સુધી હલ્યા સુદ્ધાં નહિ. સ્વામીની કૃપા આપણા પર અવિરત વહેતી રહે છે. તેઓ આ કૃપા ને બદલે આપણી પાસેથી કોઈ જ અપેક્ષા રાખતા નથી. તેઓ આપણા હૃદયનિવાસી હોવાને લીધે આપણા અવ્યક્ત, આંતરિક દુઃખોને બરાબર સમજે છે અને તેથી જ આપણી લાયકાત હોય કે ન હોય આપણા પાર સતત પ્રેમનો અખંડિત વરસાદ

વરસાવ્યા જ કરે છે.

હું ભજન પછી સ્વામીને નિહાળતી ઉભી હતી, ત્યાં જ ડો. સુંદરરાવે ઊંચા અવાજે મને પોકારી, ''નલિની, નલિની.''

'સ્વામીએ તને આ ''સ્ટુડન્ટ બેજ'' આપવાનું મને કહ્યું હતું.' મારી બહેનને આમંત્રિત તરીકે નો બેજ મળ્યો. મને બ્રિન્દાવનમાં એક મહિનો રહેવાનો મોકો મળ્યો.

હું બરાબર ગોઠવાઈ ગઈ છું કે નહિ એ સુનિશ્ચિત કરવા સ્વામી મંડપમમાં આવ્યાં. મને કર્ણાટક વિભાગમાં જોઈ તેઓ બોલ્યા, ''તને રામ ગમે છે ને? તેથી જ આ સમર કોર્સમાં રામાયણ વિષે ખૂબ જ વાતો થશે.''

સ્વામી આપણી અંદરની સુક્ષ્માતિસૂક્ષ્મ ભાવનાઓને પણ સાંભળે છે. પ્રેમથી પોકારવામાં આવે તો તેઓ આપણી દરેક ઈચ્છાઓને દિવ્યમય બનાવી ફળીભૂત કરી દે છે.

સમર કોર્સ દરમિયાન એવા ઘણા પ્રસંગો બન્યા જેથી મને સંપૂર્ણ ખાત્રી થઇ કે સ્વામીને મારા દરેક વિચારોની જાણ છે. તેમને દરેક રાજ્યના વિદ્યાર્થીઓ સાથે ફોટો પડાવ્યો. મને લાગે કે મારી સાથે ફોટો પડાવવા નજીક આવે છે, પરંતુ ત્યાં જ બીજા રાજ્યના વિદ્યાર્થીઓને બોલાવી ફોટો પડાવી લે. આખરે તેઓ મલકાયા અને કહ્યું, ''હંમ..., કર્ણાટક, પાસે આવ અને કર નાટક.''

ગ્રુપ ફોટો ખરીદવા મારા પિતાએ મને ૨૫ પૈસા આપ્યા હતા. સ્વામી મને પ્રમાણપત્ર આપે છે એવો ફોટો મારે ખરીદવો હતો પરંતુ મારી પાસે પૈસા ન હતા. હું ખુબ નિરાશ થઇ. બીજા દિવસે અમે પુટ્ટપર્તી જવા નીકળ્યા. રસ્તામાં સ્વામીની ગાડી ઉભી રહી ગઈ. સ્વામી અમારી બસમાં પ્રવેશ્યા અને સીધું મારી સામે જોયું. ત્યારબાદ 'તેઓ' પાછા ફરતા હતા ત્યારે હું તેમની પાછળ પાછળ ચાલવા લાગી તો તેઓ બોલ્યા, ''પાછા જાવ, આપણે પર્તી પહોંચવાનું છે.'' ઈચ્છા ન હોવા છતાં હું બસમાં મારા સ્થાને પાછી ફરી. બસ ચાલી અને હું સ્વામી સામે હાથ હલાવતી રહી. તેઓએ જવાબમાં મારી સામે પોતાનો રુમાલ ફરકાવ્યો.

પ્રેમથી સ્વામી તરફ ભરેલ એક પગલાંનો જવાબ તેઓ આપણી તરફ તેમના અકલ્પનિય પ્રેમ વડે આપે છે.

પર્તીમાં સ્વામીએ અમને પાદનમસ્કાર અને વિભૂતિ પ્રસાદનો અવસર આપ્યો. ત્યારબાદ અમે બ્રિન્દાવન પરત ફર્યા. ત્યાં મેં જોયું કે સ્વામીના ફોટોગ્રાફરને ઘેરીને ટોળું ઉભું હતું. ફોટોગ્રાફર ચકિત થઈને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા હતા કે આ એક ફોટો એવો છે કે જે તેમણે લીધો ન હોવા છતાં તેમની પાસે શી રીતે આવી ગયો. તેમાં એક સ્ત્રી હતી કે જેને તેઓ ઓળખાતા ન હતા. મારા માતા તરત ઓળખી ગયા કે એ તો હું જ હતી. માતાએ મને આગળ કરી એટલે મેં જણાવ્યું કે આ ફોટોમાંની વ્યક્તિ હું જ છું પરંતુ મારી પાસે તેને ખરીદવાના પૈસા ન હતા. આ સાંભળી ફોટોગ્રાફરે મને તે ફોટો મફતમાં આપ્યો અને કહ્યું, ''આ ફોટા સ્વામી જ તને આપી રહ્યા છે એમ માનજે.''

દર્શન વખતે મેં તે ફોટો સ્વામીને બતાવ્યો. તેમણે તેમની આખી હથેળી વડે તે ફોટાને આશીર્વાદ આપ્યા.

આપણી બાહ્ય દુનિયામાં જે ઉણપ રહી જાય છે તેની ભરપાઈ સ્વામી પોતાની અદ્રશ્ય અને અકલ્પનિય કૃપા વડે કરી આપે છે. આપણા જીવનને સંપૂર્ણ બનાવવા સ્વામી ભરપૂર પ્રેમ ન્યોછાવર કરે છે અને આ દરેક કાર્યો ફક્ત તેમની કલ્પના માત્રને આધીન હોય છે.

આંખ મીંચતાની સાથે જ આ દરેક ઘટનાઓ મારી સામે તાદશ્ય થઈને ઉભી રહે છે અને એ વાતની વારંવાર યાદ આપાવે છે કે જો આપણે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લઈએ, તો સ્વામી આપણા જીવનની સંપૂર્ણ કમાન સાંભળી લે છે.

---

**- નલિનીજી બાલ વિકાસના સર્વ પ્રથમ વિદ્યાર્થીઓમાંના એક છે અને તેઓ ૧૯૭૭ના સમર કોર્સમાં વિદ્યાર્થી રહી ચુક્યા છે.**

# સર્વજ્ઞ ભગવાન

**એલ.વી.એમ.કિશોર**

મને ૩૨ વર્ષ પાછળ જવા દો અને તે સમયના થોડા પ્રસંગો શેર કરવા દો. એક જૂથમાં અમે બધા સ્વામીને તેમના પ્રેમ અને તેમની ઉદારતાને સમજવા માટે અમારી પોતાની રીતે ઝીણવટથી શોધી રહ્યા હતા. પ્રોફેસરો પણ અમને આ પ્રક્રિયામાં મદદ કરી રહ્યા હતા. પ્રોફેસરો સાથેના એક વર્ગમાં મને યાદ છે કે તેમાંથી એકે અમને કહ્યું હતું, હા તમે લોકો સ્વામીને ઓળખતા નથી પણ તમને તેમની કસોટીઓ કરવાનો પૂરો અધિકાર છે. તો અમારામાંથી કેટલાકે કહ્યું, ઠીક છે પણ અમને તો સ્વામીની કસોટી કેવી રીતે કરવી તે પણ ખબર નહોતી. ભગવાનની કસોટી કેવી રીતે કરી શકાય ? તે ફક્ત એક વર્ગ હતો, ફક્ત એક નિવેદન હતું, અને અમે હોસ્ટેલમાં ગયા.

**યસ્ સર, યસ્ સર, થ્રી બેગ્ઝ ફુલ.**

મિત્રો વચ્ચે રાત્રિ ભોજન પછીની તે ચર્ચાઓમાંની એકમાં, અમે ફક્ત અમારા પોતાના શહેરોમાં અમારી શાળા શરૂ થયાના દિવસોને યાદ કરી રહ્યા હતા, અમે કેવી રીતે શીખી રહ્યા હતા, અમારા નર્સરી વર્ગોના પહેલાંના દિવસો શું હતા. અને વાતચીત, નર્સરી જોડકણાં તરફ વળી ગઈ. તો તેમાંથી એકે કહ્યું, ઓહ, તમે બધા ટ્વિંકલ ટ્વિંકલ લિટલ સ્ટાર શિખ્યાં ? કોઈએ કહ્યું, ના, અમે નન્હા મુન્ના રાહી હું શિખ્યા. અને વિવિધ જોડકણાં આવી રહ્યા હતા. છેલ્લું જોડકણું બા બા બ્લેક શીપ હતું. અને જેમ જેમ અમે તે વાક્ય ઉચ્ચાર્યું, ઘંટ વાગ્યો, અને આ ઘંટડી લાઈટ બંધ કરીને સૂઈ જવા માટે હતી. લાઈટ બંધ હતી. અમે બધા સૂઈ ગયા. બીજા દિવસે એવું બન્યું, અમે ત્રણ ભક્તો મંદિરમાં બેઠા હતા, અને સ્વામી ભક્તોમાંથી પસાર થયા, અને અમારી પાસેથી પણ પસાર થયા. તેમણે અમારામાંથી કોઈ તરફ જોયું નહીં. અમે તેમના પાદ નમસ્કાર લીધા. અને, જેમ જેમ તેઓ થોડા ડગલાં આગળ વધ્યા, તેમણે પાછળ ફરીને કહ્યું યસ સર, યસ સર, થ્રી બેગ્ઝ ફુલ તે એક ક્ષણ હતી. તે ખરેખર એક ક્ષણ હતી કારણ કે શ્રોતાઓમાં અમારા ત્રણ સિવાય બીજું કોઈ તે સુંદર શબ્દોનું મહત્વ જાણતું ન હતું. તેમણે અમને ત્રણ બાબતો શીખવીઃ પહેલી સ્વામીની સર્વવ્યાપક્તા. 'તે' આપણામાં છે, હંમેશા આપણી આસપાસ છે. આપણે વિશ્વાસ કરવા માંગીએ છીએ કે નહીં, આપણે દરેક વખતે ફરી યાદ કરાવવા માંગીએ કે નહીં, પરંતુ તે આપણી અંદર છે, હંમેશા આપણી આસપાસ છે, આપણી દરેક ક્રિયા, આપણા દરેક વિચારને જાણે છે. બીજો મુદ્દો જે આગળ કહે છે તે એ છે કે, જો તમારો ઈરાદો સાચો હોય, તો તમે સ્વામીની કસોટી કરી શકો છો. એ કહેવાની જરૂર નથી કે 'તેઓ' કસોટીમાં પાસ થશે. 'તેઓ' આપણામાં 'તેમના' માટે શ્રદ્ધા જગાડે છે. 'તેઓ' આપણી શ્રદ્ધાને મજબૂત કરવા માંગે છે. મને લાગે છે કે આ જ કારણ હતું કે 'તેમણે' કહ્યું, મને એક પરીક્ષા આપો અને હું તેમાં પાસ થઈશ. અને છેલ્લું કારણ, જેના પર અમે ત્રણ સહમત થયા હતા તે એ હતું કે સ્વામીના દરેક કાર્ય સ્વામીના દરેક શબ્દનું એક મહત્વ છે. આપણે જાણીએ કે ન જાણીએ, પરંતુ જો લોકોનો એક નાનો સમૂહ હોય જેના માટે તે થોડા શબ્દોનું ખૂબ મહત્વ હોય. અને ચોક્કસ, યસ્ સર, યસ્ સર, થ્રી બેગ્ઝ ફુલ એ અમારા ત્રણેય માટે ખૂબ જ મહત્વપૂર્ણ હતું. કારણ કે અમે જાણતા હતા કે ગઈકાલે રાત્રે જ્યારે અમે બાળગીતોની ચર્ચા કરી રહ્યા હતા ત્યારે તે અમારી સાથે હતા.

આ તે એક ઘટના તમને જણાવી. મને બીજી ઘટના યાદ કરાવવા દો. અમારા એક સહાધ્યાયીને એક દિવસ એક સ્વપ્ન આવ્યું. જેમાં સ્વામી આવ્યા અને તેમને કહ્યું, સુરેશને સાવધાન રહેવા કહો. આ છોકરો જાગ્યો તેના માતા પિતાને ફોન કર્યો, તેણે તેના કેટલાક ભાઈઓ અને પિતરાઈ ભાઈઓને પણ

ફોન કરીને પૂછ્યું કે આ સુરેશ કોણ છે, કે સ્વામી પોતાના કાર્યોમાં કે પોતાના રોજિંદા જીવનમાં સાવધાન રહેવા કહે છે, પરંતુ તેને કોઈ સુરેશ મળ્યો નહીં. તેણે આ સ્વપ્ન અમારામાંથી કોઈને પણ શેર કર્યું નહીં. બીજા અઠવાડિયે, આખી હોસ્ટેલ, સ્વામી સમક્ષ રજૂ થનાર નાટકની તૈયારી કરી રહી હતી અને તે દિવસો હતા જ્યારે અમારી પાસે પૃષ્ઠભૂમિ બદલવા માટે LED સ્ક્રીન નહોતી. અમારી પાસે હાથથી રંગેલા પડદા હતા જે સ્ટેજની ટોચ પરથી નીચે પડતા હતા અને અમારી પાસે ત્રણ છોકરાઓની એક ટીમ હતી જે પડદા ઉપર ખેંચતા હતા અથવા પૃષ્ઠભૂમિ બદલવા માટે પડદા નીચે મૂકતા હતા. અને અમારામાંથી થોડા લોકો તે ટીમનો ભાગ હતા. તેથી, જેમ જેમ નાટક ખૂલતું હતું, અમે સ્ક્રીનો નીચે મૂકતા હતા અને પૃષ્ઠભૂમિ બદલવા માટે સ્ક્રીનો ઉપર ખેંચતા હતા. તે દિવસોમાંના એક દિવસમાં, જ્યારે અમે બપોરના ભોજન પછી પ્રેક્ટિસ કરી રહ્યા હતા ત્યારે મારા સહાધ્યાયી અને મને પડદાનું સંચાલન કરવાનું કામ સોંપવામાં આવ્યું. સ્ટેજની બાજુમાં એક લાંબી એલ્યુમિનિયમ સીડી મૂકી અને પછી મારો આ સહાધ્યાયી સીડી ચઢવા લાગ્યો. ચાર કે પાંચ પગથિયા પછી તેને વીજળીનો મોટો ઝટકો લાગ્યો અને તે નીચે પડી ગયો. હું હજુ સીડી ચઢવા માટે તૈયાર ન હતો, તેથી હજુ જમીન પર જ હતો. હું તેને પકડી શક્યો અને અમે બંને સુરક્ષિત હતા. અહીં ચમત્કાર એ છે કે આ સહાધ્યાયીનું નામ સુરેશ હતું, સ્વામી અમારા સહાધ્યાયીના સ્વપ્નમાં આવ્યા હતા અને કહ્યું હતું કે સુરેશ સાવચેત રહે. આ છોકરો ખરેખર તેના સંબંધીઓને પૂછપરછ કરી રહ્યો હતો, જ્યારે આ સંદેશ રૂમમેટમાંથી એક માટે હતો. તેથી, તે હંમેશા અમારી રક્ષા કરવા માટે ત્યાં હતા. ખરેખર ત્યાં એક ઈલેક્ટ્રિક વાયર એલ્યુમિનિયમની સીડી ને સ્પર્શી ગયો હતો, અને તેથી સુરેશને આંચકો લાગ્યો. સ્વામી ત્યાં અમારા દરેકને જોઈ રહ્યા હતા, અમારા દરેકનું રક્ષણ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આપણને એવી ખાતરી અને શ્રદ્ધા હોવી જોઈએ કે તે હંમેશા અમારી રક્ષા કરવા માટે અમારી સાથે છે.

**બધાને સાથે રાખીને ચાલો.**

તે દિવસોમાં, સ્વામી અમારા ખઈઅ ક્લાસમાં આવતા હતા, અને એક કે બે ક્લાસ લેતા હતા. મને યાદ છે કે તે ક્લાસમાં, સ્વામીએ બે વાક્યો કહેલા હતા અને તે મારા મનમાં ઘર કરી ગયા હતા. તેમણે કહ્યું, તમે ગમે તે કામ કરો, બધાને સાથે રાખો. અને બીજું જે મારામાં સ્થાપિત થયું હતું, ભલે તમે કોઈ કામ ન કરી શકો અથવા જો તમે કોઈને ના કહેવા માંગતા હોય તો પણ પ્રેમથી કહો. મને લાગે છે કે આ બે નિવેદનોએ મને મારા અંગત, વ્યવસાયિક જીવન અને સાઈ સંગઠનાત્મક કાર્ય બંનેમાં મદદ કરી છે, ફક્ત બધાને સાથે રાખવાનો પ્રયાસ કરીએ છીએ. હા, બધા એક જ નિર્ણય માટે સહમત નહીં થાય પરંતુ મને ખાતરી છે કે યોગ્ય વાતચીત દ્વારા, આપણે બધાને સાથે લઈ જઈ શકીએ છીએ. બીજો મુદ્દો જે હું ખરેખર પ્રયાસ કરું છું અને તેનો અભ્યાસ કરું છું તે એ છે કે જ્યારે સ્વામી કહે છે, આ જીવન આપણા પોતાના સ્વ પરિવર્તનની યાત્રા છે. આપણે ગઈકાલ કરતાં આજે વધુ સારા માણસ બનવા માટે સતત પોતાને સુધારવું પડશે.

અંતે આ સમગ્ર પ્રકરણ પૂર્ણ કરતા હું કહેવા માગું છું કે, સ્વામીના આ નિવેદન પર અવતરણ પર જીવવાની ખરેખર આપણી જવાબદારી છે, જે કહે છે, તમારે તમારું જીવન એવી રીતે જીવવું જોઈએ કે તમારું જીવન મારો સંદેશ બની જાય.

સ્ત્રોતઃ શ્રી સત્ય સાઈ મીડિયા સેન્ટર.

**લેખક - SSSIHL ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેઓ SSSSO, દિલ્હીના રાજ્ય પ્રમુખ છે અને હાલમાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં બિઝનેસ અને કોમર્શિયલ-વાઈસ પ્રેસિડેન્ટ છે.**

# વિનાયકની શ્રેષ્ઠતા-સર્વોચ્ચતા-સર્વોપરિતા

સમગ્ર બ્રહ્માંડની રચના અણુંના પાયા પર થયેલી છે. ચાહે તે પદાર્થ- વસ્તુ સૂક્ષ્મતમ હોય કે બ્રહ્માંડ જેવી વિરાટ હોય તે અણુંશક્તિ પર જ આધારિત છે. અણુ તત્વની આ શક્તિનો પૂર્ણતઃ ખ્યાલ બહુ જ ઓછી વ્યક્તિઓને છે.

અણુંનું બંધારણ જુદા જુદા રૂપમાં-આકારમાં રહેલ શક્તિ વડે સર્જિત થયેલું છે. જે શબ્દો તમે ઉચ્ચારો છો, જે પદાર્થ તમે જુઓ છો, જે અવાજ તમે સુણો છો, જે કોઈ પ્રવૃત્તિ તમે આદરો છો તે સર્વ અણુની શક્તિમાંથી જ ઉદ્ભવી છે.

**અણું અને આત્મા. ( પરમ અણું - પરમ આત્મા).**

આ સત્યનું શોધન કરતા વૈજ્ઞાનિકોને સેંકડો વર્ષો લાગ્યા છે. પરંતુ આ જ સત્ય હજારો વર્ષો પહેલા બાળક પ્રહલાદને સમજાયું હતું. તેણે ભારપૂર્વક આની જાહેરાત કરી હતી, એવી કોઈ શંકા કે સંદેહ ન રાખો કે તે (પરમાત્મા) અમુક એક જ સ્થળે છે અને બીજે નથી. પરમાત્માને તો તમારી નજર જ્યાં પડે ત્યાં જોઈ-અનુભવી શકાય છે. પરમાત્મા તો સર્વત્ર વ્યાપ્ત છે. પ્રહલાદે ન તો કોઈ પ્રયોગો કર્યા હતા તે ન તો અવકાશમાં સંશોધન કર્યા હતા. શુદ્ધ, નિર્મળ, પવિત્ર હૃદયમાં તો તે સત્ય સ્વયંભુ જ પ્રગટ થાય છે. સૂક્ષ્મથી યે સૂક્ષ્મ અને વિરાટથી યે વિરાટ એવું તત્વ તે અણુતત્વ છે અને અણુ એ જ છે આત્મા.

વિશ્વમાં દરેક માનવી - એ નાનું જનરેટર (શક્તિ ઉત્પાદક) છે. તેનામાં રહેલ ચુંબકીય શક્તિ વિદ્યુતશક્તિમાં પરાવર્તન પામે છે અને આ શક્તિના કારણે જ માનવી ચાલી શકે છે, જોઈ શકે છે, સાંભળી શકે છે અને અન્ય ઘણી બધી વસ્તુ કરી શકે છે. દરેકના શરીરમાં રહેલું હૃદય એ રેડિયો સ્ટેશન છે. પ્રત્યેક જીવમાં રહેલી શક્તિ અણું શક્તિ પર આધારિત છે. ત્યાં પ્રકાશના મોજાં છે અને તે ચુંબકીય શક્તિનું ઉપાર્જન કરે છે. પદાર્થ અને શક્તિ વચ્ચેના અનુબંધ (સંબંધ) ના આધારે જ આઈન્સ્ટાઈને પરિવર્તન ક્ષમતાને સમર્થન આપ્યું.

વૈજ્ઞાનિકોના આ સંશોધને વેદાન્તની આ વાતને અનુમોદિત કરી છે કે બ્રહ્મન્ (દિવ્યત્ત્વ) સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. તે માટેના શબ્દો અલગ અલગ



હોય છે. વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું છે કે બ્રહ્માંડ અણુઓમાંથી સર્જાયું છે. વેદાન્તીઓ પણ જાહેર કરે છે સમગ્ર બ્રહ્માંડ બ્રહ્મમયમ્ (દિવ્યત્ત્વ)થી વ્યાપ્ત છે. આમ સંતો અને વૈજ્ઞાનિકો એક જ સત્ય પર એકમત થયા છે, પરંતુ તે જુદા જુદા નામથી પ્રચલિત થયું છે.

ગણપતિ શબ્દની વાત કરીએ તો **Ga** 'ગ' બુદ્ધિનું પ્રતીક છે. **Na** 'ણ' જ્ઞાનનું પ્રતિક છે. ગણપતિ બુદ્ધિ અને જ્ઞાનના સ્વામી છે. બુદ્ધિ અને જ્ઞાનની પૂજા (સાધના) એ પણ એક રીતે ગણપતિની જ આરાધના છે.

ગણપતિ વિશેષ શક્તિનું પણ સંયોજન સ્વરૂપ છે. અને તેથી જ ગણપતિ નામ તેના માટે યથાયોગ્ય છે. આટલું જ નહીં પણ ગણપતિ દેવોના પણ દેવ- 'દેવાધિદેવ' છે. ગણોના અધિપતિ છે. અને તે કારણે જ ગણપતિ નામે પ્રસિધ્ધિ પામ્યા છે. તેઓ બીજા નામ 'વિનાયક'થી પણ પોકારાય છે. તેમનાથી ચઢિયાતા-તેમના ઉપરી કોઈ જ નથી તે દેવાધિપતિ છે.

**ગણેશને નૈવેદ્ય.**

ગણેશચતુર્થીના પવિત્ર દિવસે વિનાયકને શું નૈવેદ્ય ધરવામાં આવે છે ? નૈવેદ્યની બધી જ

વાનગીઓ તેલથી મુક્ત હોય છે. બાફેલા ચોખાના ગોળામાં તલ અને ગોળ ભરવામાં આવે છે. તે પછી તેના પર ચોખાના લોટનું આવરણ કરી વરાળથી બાફવામાં આવે છે. નૈવેદ્યની આ વાનગીમાં ખાદ્યતેલનું એક ટીપું પણ હોતું નથી અને તેથી આ નૈવેદ્ય (થાળની વાનગી)ને તેલ વિહીન ખાદ્ય આહાર કહેવામાં આવે છે.

આ પ્રકારે વાનગી તૈયાર કરવાનું મહત્વ શું છે ? તેલ વિહીન આહાર પચવામાં સરળ હોય છે. તલ શરીરમાં રહેલ વાત-કફની અસર મુક્ત રાખે છે. ગોળ આપણી દ્રષ્ટિ સુધારવામાં કારણભૂત બને છે. વાનગી (મોદક)માં રહેલ સર્વ સામગ્રી આપણી તંદુરસ્તીને વેગ આપનારી છે. આ આહારમાંથી પ્રાપ્ત થતી શક્તિ આપણા દિર્ઘાયુષ્યની પણ પોષક બને છે.

વિનાયક તેમના ઉત્કૃષ્ટ જ્ઞાન માટે પણ પંકાયેલા છે. તેમના સ્વરૂપનું દર્શન માત્ર જ ઘણું ઘણું કહી જાય છે. સ્વરૂપ જ અતિ વિશિષ્ટ પ્રકારનું છે. તેમનું વિશાળ ઉદર, સુંદર સૂંઢ, ભાવ નીતરતી આંખો અને અન્ય અંગ ઉપાંગો પણ તેમના આકર્ષક દેખાવ માટે સમતુલન જાળવે છે.

**ગજમુખ દેવ-ગજવદના વિનાયકા.**

એવો પ્રશ્ન થાય કે શા માટે દેવનું શરીર ગજમુખથી સંપન્ન કરવામાં આવ્યું છે ? ગજરાજ હાથી પણ અન્ય પ્રાણીઓમાં વિશિષ્ટ બુદ્ધિ ધરાવે છે. સર્વ પ્રાણીઓમાં તે પ્રચંડ-વિશાળ દેહ ધરાવે છે. અન્ય કોઈપણ પ્રાણી હાથીના બીબામાં ઢાળી શકાય તેવું શરીર ધરાવતું નથી. વનના રાજા તરીકે સ્થાપિત થયેલા સિંહના પગલાંને પણ હાથીનું પગલું ઢાંકી દે છે. જંગલમાં શિકારીઓ સિંહની બોડ-બખોલ શોધવા માટે તેના પગલાને અનુસરે છે. પરંતુ જો સિંહના પગલાં પરથી હાથી પસાર થયો હોય તો તે પગલાં ભુંસાઈ જાય છે.

વિશેષતઃ હાથી મનુષ્યો માટે પણ પથદર્શકની ભૂમિકા ભજવે છે. ગાઢ-ઘનિષ્ઠ જંગલોમાં - ઘેરી ઝાડીઓમાં માણસોને કેડી મળતી નથી. પરંતુ એકવાર એ માર્ગે જો હાથી પસાર થયો હોય તો તે કેડી પગલાની છાપ તેમના માટે રાહદર્શક બને છે. હાથીના આ સર્વ ગુણલક્ષણો એક વાતની પુષ્ટિ કરે છે કે જો જીવનમાં યોગ્ય માર્ગે પ્રયાણ કરવું હોય તો તેનામાં હાથીની બુદ્ધિ-હાથીના જ્ઞાન હોવા જરૂરી છે. સ્વયં ગજમુખ ધારી હોવાથી જ ગણપતિ બુદ્ધિના દેવ તરીકે સ્થાપિત થયા છે.

એકવાર ગણપતિ અને સુબ્રમણ્યમના માતા-પિતા પાર્વતી અને પરમેશ્વરને પુત્રોની બુદ્ધિનું માપ કાઢવાનો વિચાર આવ્યો. પુત્રોને બોલાવીને તેમને સૃષ્ટિની પ્રદક્ષિણા કરી બેમાંથી કોણ વહેલો આવે તે દર્શાવવા કહ્યું. બેમાંથી જયેષ્ઠ એવા ગણપતિ પોતાના સ્થાનેથી સહજ પણ ખસ્યા નહીં. જ્યારે નાનો સુબ્રમણ્યમે પોતાના વાહન મોર પર સવાર થઈ સૃષ્ટિની પ્રદક્ષિણા આરંભી દીધી. અતિ પરિશ્રમના અંતે પ્રદક્ષિણા સંપન્ન કરી માતાપિતા પાસે આવી રહ્યો હતો. થોડા અંતરેથી તેને જોઈ ગણપતિએ પોતાના માતાપિતાની પ્રદક્ષિણા કરી અને પોતાને વિજેતા જાહેર કર્યા. માતા પાર્વતીએ કહ્યું, ગણપતિ, તારા ભાઈએ તો સકળ સૃષ્ટિની પ્રદક્ષિણા પૂરી કરી. તું તો તારા સ્થાનેથી ખસ્યો પણ નથી. તેં તો કોઈ પ્રયાસ પણ કર્યો નથી તો તું કેવી રીતે વિજયનો અધિકારી બની શકે ? ગણપતિએ જવાબ આપ્યો, માતૃશ્રી, સમગ્ર બ્રહ્માંડમાં તો પદાર્થ અને શક્તિનું માતા અને પિતાની ઐક્યતાનું સંયોજન જ છે. જ્યારે મેં તમારી આસપાસ પ્રદક્ષિણા કરી તેનો અર્થ એ કે મેં સમગ્ર જગતની પ્રદક્ષિણા કરી કારણ કે તમે-માતા-પિતા-જ બ્રહ્માંડના સર્જક છો. બ્રહ્માંડમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં તમારી હાજરી ન હોય. હું તો તમને સર્વ વ્યાપક જોઉં છું. તમારી (માતા-પિતાની) પ્રદક્ષિણા કરીને હું દાવો કરી શકું કે મેં બ્રહ્માંડની પરિક્રમા કરી. તેના ઉચ્ચ બુદ્ધિમતા સભર આ શબ્દો સાંભળતા જ ઈશ્વર અચંબો પામી ગયા. દિવ્ય માત-પિતા વિશેના સત્યની સાચી સમજ-સત્યનું સાચું માર્ગદર્શન તેણે સમજાવ્યું.

પછી ઈશ્વર બોલ્યા, હે વિનાયક, સર્વ પુત્રોમાં સાચે જ તું ઉદાહરણીય-આદર્શ પુત્ર છે. જગતમાં મારી પૂજા થાય તે પહેલાં લોકો તારી પૂજા કરશે. તારા જેટલી બુદ્ધિ - મારી પાસે નથી. અમે તારા માતા-પિતા તો ખરા પરંતુ તારા જેટલા બુદ્ધિવાન નહીં.

ઈશ્વર એ એવા માત-પિતા કે જેમણે પોતાના પુત્રને પોતાના કરતા પણ ઊંચે સ્થાને સ્થાપિત કર્યો

અને તે કારણે જ ગણપતિ સામાન્ય આદર્શોના પ્રવક્તા નથી. તે સર્વશક્તિ સ્વરૂપા છે. દરેક પ્રકારની બુદ્ધિ-પ્રતિભાના સ્વામી છે.આજે સર્વ વર્ગના લોકો, ગરીબ, તવંગર, પંડિતો, વિદ્વજનો કે સામાન્યજનો ગણપતિની પૂજા કરે છે. વિદ્યાર્થીઓ માં સરસ્વતીની કૃપા સંપાદન કરવાના હેતુથી અને અભ્યાસમાં કોઈ અવરોધો આડે ન આવે તે માટે ગણેશની મૂર્તિ સામે પુસ્તકો મૂકે છે અને પૂજા કરે છે.

**શી રીતે પ્રાર્થના કરવી.**

ભગવાન ગણેશની પ્રાર્થના સમયે પરીક્ષામાં સફળતા મળે કે સારી નોકરી મળે એવી નજીવી બાબતોની અપેક્ષા ન રાખવી. તમારે તો માત્ર એવી પ્રાર્થના કરવી જોઈએ, હે વિઘ્નેશ્વર, મારા સર્વ કાર્યોમાં વિઘ્ન ન આવે આ શુભ હેતુથી તમને પ્રાર્થુ છું.

ઘણા ઓછા લોકો આ ગણપતિ તત્વનો સાચો મર્મ સમજે છે. તેઓ તો માત્ર બાહ્ય સ્વરૂપો પ્રત્યે જ આકર્ષાય છે-તેમાં જ ચિત્ત પરોવે છે અને તેના આંતરિક વિશિષ્ટ ભાવાર્થની અવગણના કરે છે. જે રીતે આજે ઉત્સવોની ઉજવણી થાય છે તેને આ વાત લાગુ પડે છે. ભગવાન રામના ચારિત્ર્યના ગુણ લક્ષણોને સમજ્યા વગર જ રામના જન્મદિનો ઉજવાય છે. રામના સાચા ભક્તો બનવું હોય તો રામના ગુણો આચરણમાં મૂકવા જોઈએ. કૃષ્ણ ભક્ત બનવું હોય તો સદાય કૃષ્ણમય બની-પરમ આનંદમાં મગ્ન રહેવું જોઈએ. જો તમારે સાઈ ભક્ત બનવું હોય તો પ્રેમમય બની રહો. સૌને પ્રેમ કરો-સૌની સેવા કરો.

(વાણીને વિરામ આપતા ભગવાને ભજન ગાયું, શુક્લાંબરધર ગણપતિ મંત્રમ.....)

**- ૨૫ ઓગસ્ટ ૧૯૯૮ ગણેશચતુર્થીના દિને ભગવાનના સંદેશમાંથી પસંદ કરેલ અંશો - ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના દિને ગણેશચતુર્થી નિમિત્તે પ્રસારિત કરવામાં આવ્યા.**

ચિન્તન કથા

# બધામાં રહેલું આત્મતત્વ એ એકજ છે

એક ગુરુ પાસે ઘણા બધા શિષ્યો હતા અને ગુરુ તેમને કેટલીક સારી સારી વાતો કરતા હતા. એક દિવસ, જ્યારે ગુરૂ તેઓને શિખવતા હતાં ત્યારે, ગુરુએ શિષ્યોને કહ્યું કે જ્યારે તેઓ પૂજા અને ધ્યાનમાં વ્યસ્ત હોય, ત્યારે ગમે તેટલી અડચણો આવે, ત્યારે મારા ધ્યાનમાં ખલેલ ન પહોંચે તેનું તમારે ધ્યાન રાખવું.

શિષ્યોને ગુરુમાં ખૂબ શ્રદ્ધા હતી. તેમાંના કેટલાક શિષ્યો આશ્રમમાં પણ રહેતા હતા. ગુરુના જન્મદિવસે એક શિષ્યએ નક્કી કર્યું કે ભગવાનના ૧૦૮ નામોનો જાપ કરીને ખાસ પ્રાર્થના કરવી. શિષ્યએ એક ચિત્ર મેળવ્યું, ૧૦૮ ફૂલો એકત્રિત કર્યા અને પ્રથા પ્રમાણે પૂજા કરવાનું નક્કી કર્યું. બીજો એક શિષ્ય ગુરુને આમંત્રણ આપીને પોતાના ઘરે લઈ ગયો.

ગુરુએ જતા જતા જે શિષ્ય આશ્રમમાં રહીને પૂજા કરવા માંગતો હતો તેને સાવધાન રહેવા કહ્યું અને દરવાજો બંધ રાખવા કહ્યું. તે દિવસ ખૂબ જ ગરમી હતી અને ગુરુ પાસે પગમાં પહેરવાની ચંપલ પણ નહોતી કે ન તો માથા ઉપર સૂર્યના તાપથી બચવા માટે પૂરતા વાળ હતા. જ્યારે ગુરુ આશ્રમમાં આવ્યા અને તેમને દરવાજો ખોલવો હતો, પરંતુ અંદર શિષ્ય પૂજા કરવામાં મગ્ન હતો.

ગુરુએ દરવાજો ખટખટાવ્યો અને શિષ્યને દરવાજો ખોલવા કહ્યું. શિષ્યએ જવાબ આપ્યો કે તે પૂજામાં વ્યસ્ત છે અને પૂજામાં વચ્ચે ખલેલ ન થાય તે માટે ગુરૂએ પૂજા પૂરી ન થાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ.


આજે ૧૦૦માંથી ૯૯ લોકો આ શિષ્ય જેવા છે. તેઓ જેની કૃપા મેળવવા માંગે છે તે ભગવાનની માત્ર છબીની પૂજા કરે છે, અને એવી જ પૂજા કરવાનું ચાલુ રાખે છે. પછી ભલેને ભગવાન સ્વયં પૂજા કરનારનો દરવાજો ખટખટાવતા હોય.

# પ્રેમ તરફથી પ્રેમના પત્રો

અમરત્વના બાળકો.
યાદ રાખો કે તમને, મારાં સ્વરૂપમાં અને મારી જ પ્રતિમા સમાન સર્જવામાં આવ્યા છે ! બરાબર!

એ જ છાપમાં - સ્વરૂપમાં જીવન જીવો.
દરેક રીતે - દરેક સ્તરે - માસ્ટરની જેમ જીવો.
મસ્તક ઉંચુ રાખીને આ ધરતી પર વિહરો
તમારો જુસ્સો - ઉત્સાહ આભને આંબતો હોય, તમારા હૃદય પ્રેમ માટે ખુલ્લા હોય, અને તમારા પોતાનામાં, તેમજ તમારામાં રહેલા પ્રભુમાં વિશ્વાસ કેળવો. પછી બધા જ સારાવાના થશે.

આ ધરતી એ મારું જ પ્રગટ રૂપ છે -
મારા જીવનમાંથી જ બનેલ.




તમે જ્યાં પણ જુઓ - હું ત્યાં જ છું
તમે જ્યાં પણ જાઓ - હું ત્યાં જ છું
તમે જેને પણ કોઈને મળો - હું જ તે વ્યક્તિ છું.
હું દરેકમાં છું - મારી પ્રતિભા સાથે -
મને સર્વત્ર જુઓ - મારી સાથે વાત કરો.
અને મને ચાહો કે જે હું દરેકમાં છું -
પછી હું દરેકમાંથી પ્રતિભાવ આપીશ.
અને પછી તમને હું કીરતમાં લાવીશ.
તમે 'મને'કોઈ એક જ સ્થાને નહીં
જોઈ શકો અને ન તો કોઈ બીજામાં -
કારણ હું તો સર્વ સ્થાને વ્યાપ્ત છું.

તમે મારાથી ભાગી પણ નહીં જઈ શકો કે
કોઈ ગુપ્ત-છૂપી કારવાઈ પણ નહીં કરી શકો.
કારણ મારી પાસે કોઈ સિક્રેટ છે જ નહીં.
જીવો, સંપૂર્ણ રીતે જીવો. મારા નિયમો/આદર્શો અનુસાર અને જુઓ કેવી લીલાઓ થાય છે તે.

હવે વિચારો, મારા અસ્તિત્વના મુક્તરીતે વહેતા સારને શું કોઈ ભુલ/દોષ રોકી રહ્યું છે? તમારા ધ્યાનની શાંતિના સમયમાં, તમારી ભૂલોને તમને બતાવી શકું, તે માટે 'મને' એ જ ક્ષણે કહો. જુની યાદોને તમારી અંદર તાજી થવા દો.

તમારામાં રહેલ મારી પ્રબુદ્ધતા જુના ઢાંચા / નમુનાઓ જુની વિસરાયેલી ભાવનાઓ અને વિચારો પ્રકાશના મહાસાગરમાં હવે એ બધાને ડબકાવી દો એમને ચેતનાની અંદર પ્રજ્વાળી દો જેથી હવે તમે મારા અસ્તિત્વના સાચા પ્રતીકો બની શકો.

હમણાં, અત્યારે જ મારી પ્રજ્વળીત જ્વાળાઓને નીરખો જે ઊંચે ને ઊંચે ચઢતી જાય છે કે જે તમારી અંદરથી ઉભરી હોય તે એક એવી જ્યોત છે જે ઠારી રહી છે, ચોખ્ખાઈ કરી રહી છે અને ઉપચાર પણ કરી રહી છે. એ અંદર છુપાઈને રહેલા દુઃખોને શાતા વાળી રહી છે, અને તમને શાંત અને સ્થિરતા પ્રદાન કરી રહી છે. બાકીનું બધું મારા પ્રેમમાં તમારા પાછલા અનેક જીવનથી લઈને આજ સુધી, જે કાંઈ ભોગવ્યું છે તેને મારા આ ઉદ્ધારક પ્રકાશમાં ઓગળી જવા દો.

મારા અસ્તિત્વના પ્રતીકસમા બાળકો - મારી અંદર જ તમારા દુઃખોને અને ભયને વિસર્જિત કરી દો.

મારી ચેતનામાં પાછા ફરો, કે જે તમારી જ વાસ્તવિક ચેતના છે. તમારા ક્ષુદ્ર એવા માનવી સ્વ ને / અહંને ભુંસાઈ જવા દો - હમણાં જ અત્યારે જ અને તમે મારી પાસે આવો કે જે હું જ પોતે તમારો જ આત્મા છું.

હવે તમે જ મારા તેજસ્વી ગૌરવપૂર્ણ સ્વ છો મારાથી જુદા ક્યારેય નથી રહ્યાં. મારામાં ઓગળી જાવ, મારામાં એકરૂપ થઈ જાવ, 'હું' જ થઈ જાવ.

અહેવાલ

# પ્રશાંતિ નિલયમ ખાતે ઉજવણીઓ

**૭૯ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી.**

પ્રશાંતિ નિલયમ ખાતે ૭૯ માં સ્વાતંત્ર્ય દિનની સંધ્યાએ, દેશ ભક્તિ, કૃતજ્ઞતા અને પ્રેરણાનો ત્રિવેણી સંગમ ખુલતો જોવા મળ્યો, જેમાં, વ્યક્તિગત જીવનપ્રવાસમાં પરિવર્તનની લહેર અને મા ભોમની સેવા માટે લલકારાયેલા સાદને સુંદર રીતે વણી લેવાયો હતો.

કાર્યક્રમની શરૂઆત ત્રણ યુવાનોના શક્તિશાળી સંબોધનથી થઈ જેમાં દરેકે એ જ જણાવ્યું કે, શ્રી સત્ય સાઈના ફોલ્ડમાં આવ્યા બાદ, તેમના જીવનને એક નવો જ ઓપ મળ્યો છે. એ પૈકી નેશનલ યુથ કો-ઓર્ડીનેટર શ્રી લક્ષ્મીકાંત શર્માએ SSSSO એ લીધેલ એક અદ્ભુત પહેલ -કે જેમાં યુવાનોને માત્ર સંગઠનના સભ્ય બનાવવાની કાર્યપ્રણાલી સુધી જ મર્યાદિત ન રાખતા, તેઓ ભગવાનના સંદેશાને સમાજમાં જીવી બતાવી ટોર્ચ બેરર બની રહે - તેવી પ્રેરણાત્મક સંધિ આપવાના પ્રયોગને બિરદાવી.

પાછલા પાંચ વર્ષોમાં યુવાનોએ ઉપાડેલ સેવા પ્રવૃત્તિઓના લેખા-જોખા બાંધતા એમણે 'પ્રેમતરુ' પ્રોજેક્ટનો ઉલ્લેખ કરતા કહ્યું કે પાછલા બે વર્ષોમાં ત્રણ લાખથી વધુ વૃક્ષારોપણની કામગીરી થઈ અને સમગ્ર ભારતમાં, 'પ્રવાહ્ય પ્રેમ' (Liquid Love) થકી મોટા પ્રમાણમાં રક્તદાનની સંકલ્પના પૂરી કરવામાં આવી. એમણે નોંધ્યું કે શ્રી સત્ય સાઈ યંગ મેસેન્જર્સનો આ છે સમર્પણ ભાવ, કે જેઓ વડિલોના માર્ગદર્શન હેઠળ 'એમના' સંદેશાને જીવી રહેવા સતત પ્રયત્નશીલ છે.

આ પ્રેરણાત્મક સંબોધનો બાદ SSSIHL પ્રશાંતિ નિલયમ કેમ્પસના વિદ્યાર્થીઓએ - 'અમર ભારતમ્' નામનું દેશપ્રેમ પર આધારિત નાટક રજુ કર્યું. ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસામાંથી લેવાયેલ પ્રસંગોમાંથી નાટકની જોરદાર રજુઆત થઈ જેન લઈને ત્યાગ - બલિદાનની ભાવના, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રપ્રત્યેની ફરજના સમયાતીત મૂલ્યોને રજુ કરાતા, દર્શકો પણ પ્રેરિત અને ઉત્સાહિત થયા.

નાટકનો અંતિમ પડદો પડતા જ, સમગ્ર દર્શક વર્ગ/ શ્રોતા વર્ગ રાષ્ટ્રીય ગીત ગાવા સ્વસ્થાને ઉભો રહ્યો અને એમના અવાજના પડઘા સાઈ કુલવંત હોલમાં દેશાભિમાનની ભાવના સાથે ગુંજતા રહ્યા.

**શ્રી કૃષ્ણ જન્માષ્ટમી.**

૧૬ ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ પ્રશાંતિ નિલયમ ખાતે શ્રી કૃષ્ણજન્માષ્ટમીનો તહેવાર ઉજવવામાં આવ્યો.

શ્રી કૃષ્ણની અપાર કરૂણા અને પાવિત્ર્યને અનુરૂપ, સાઈ કુલવંત હોલને ભવ્ય રીતે, ભૂરા અને પીળા રંગની જુદા જુદા પ્રકારની શણગાર સામગ્રીથી શણગારવામાં આવ્યો હતો. પ્રશાંતિ ભજન ગૃપ દ્વારા રજુ કરવામાં આવેલ ભક્તિ ગીતો અને સ્તોત્રોએ સમગ્ર વાતાવરણને પવિત્ર અને ધાર્મિક સુગંધથી ભરી દીધું.

ચાલી આવતી પવિત્ર પરંપરા પ્રમાણે, ટ્રસ્ટીઓએ અને અન્ય વરિષ્ઠ માન્યવરોએ, ગોકુલમથી લાવવામાં આવેલી ગૌ-માતાઓને ખવડાવવાનું કાર્ય કર્યું - જેમ સ્વામી દર કૃષ્ણ જન્માષ્ટમીએ કરતા તેમજ. આ જ પવિત્ર પ્રેમને વિસ્તરિત કરાતા આવી જ કરૂણા, કેમ્પસમાંના પાલતુ પશુઓ - પ્રાણીઓ - પક્ષીઓને બહાલ કરવામાં આવી.

**શ્રી સત્ય સાઈ નેશનલ ક્રિકેટ લીગ.**

૧૭ મી ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ સવારના સત્રમાં, એક વિશેષ કાર્યક્રમ અંતર્ગત, 'શ્રી સત્ય સાઈ યુનિટી કપ' નું અનાવરણ કરવામાં આવ્યું. (વર્ષ ૧૯૯૭ માં, ભગવાનની પ્રત્યક્ષ હાજરીમાં, શ્રી સત્યસાઈ હિલવ્યુ સ્ટેડીયમ ખાતે વર્લ્ડ XI અને ઈન્ડિયા XI એક ક્રિકેટ મેચ યોજાઈ હતી) ત્યાર પછી, મહાનુભાવો દ્વારા મંગલદીપ પ્રગટાવ્યા બાદ, જુદા જુદા રાજ્યોમાંથી આવેલ ક્રિકેટની બધી જ ટીમોએ સરઘસાકારે આવી, ભગવાનને નમસ્કાર કર્યા. પ્રેક્ષકોના લાભાર્થે 'શ્રી સત્ય સાઈ નેશનલ ક્રિકેટ લીગ' નું ટુંકુ વીડીઓ પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું.

સ્પોર્ટસ અને ગેમ્સ અંગે ભગવાને કહેલી બાબતનું ટુંકુ સંબોધન સૌને સંભળાવવામાં આવ્યું - જેમાં ભગવાને કહ્યું કે, સ્પોર્ટસ અને ગેમ્સને માત્ર શારીરિક ક્રિયાઓ કે દુન્યવી છે એવું ન માનવું. મહાનુંભાવો દ્વારા, 'શ્રી સત્ય સાઈ નેશનલ ક્રિકેટ લીગ'નો અહેવાલ રજુ કરવામાં આવ્યો. ત્યારબાદ SSSCT દ્વારા દુનિયાભરમાં ક્રિકેટને પ્રોત્સાહન આપવા કાર્ય કરી રહેલ, ભૂતપૂર્વ ક્રિકેટર શ્રી અર્જુન રણતુંગા અને એમને પાર્ટનરીંગ કરી રહેલ (સાથ આપી રહેલ) શ્રી એમ.એસ.કે.પ્રસાદ, શ્રી મુરલી કાર્તિક, શ્રી અમોલ મુઝુમદાર, શ્રી વેંકટેશ કે. રાવનું તેમજ ભારત

સરકારના ખેલ મંત્રાલયના ઈંઅજ સેક્રેટરી શ્રી હરિરંજન રાવનું વિધિસર સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ SSSSO ના AIP શ્રી નિમિષભાઈ પંડ્યાએ સભાગૃહને સંબોધતા કહ્યું કે, દુનિયામાં આ એક સૌથી મોટી ક્રિકેટ લીગ છે. ક્રિકેટ મેચો સૌ પ્રથમ સમિતિ સ્તરે, પછી જીલ્લા સ્તરે અને છેવટે રાજ્ય સ્તરે રમાઈ. આ મેચોમાં ભાગ લેવા ખેલાડીઓ માટે એક ધોરણ (માપદંડ) નક્કી કરવામાં આવ્યું હતું. કે ક્રિકેટમાં રમવા માટે પાત્ર થવા ખેલાડીએ કોઈકને કોઈક સેવા પ્રવૃત્તિમાં ભાગ લેવાનો રહેશે અને ખેલાડી પ્રશસ્તિ, પુરસ્કાર કે રોકડ ઈનામો મેળવવાના હેતુથી નહીં રમે. આમ, આખા વર્ષ દરમ્યાન રમાયેલી મેચોના પાયામાં એક આધ્યાત્મિક અંતરપ્રવાહ વહેતો રહ્યો હતો.

'શ્રી સત્ય સાઈ નેશનલ ક્રિકેટ લીગ'ની ફાઈનલ ગોવા અને હરિયાણ+ચંદીગઢ વચ્ચે રમાઈ. ખૂબજ રસાકસીભરી મેચ રમાઈ. પણ વચ્ચે વચ્ચે વરસાદના ભારે ઝાપટા પડવાથી મેચ પડતી મૂકાઈ અને બન્ને ટીમોને સંયુક્ત વિજેતા જાહેર કરાઈ અને બન્ને ટીમના કપ્તાનોને શ્રી સત્ય સાઈ યુનિટી કપ અર્પણ કરવામાં આવ્યો. ક્રિકેટ મેચના મધ્યાંતરમાં રંગબેરંગી સાંસ્કૃતિક રજુઆતો પણ થઈ. ખેલાડીઓ અને મેચના પદાધિકારીઓને મહાનુભાવો દ્વારા સન્માનવામાં આવ્યા. આ ક્રિકેટ લીગ પછી એક જાહેરાત કરવામાં આવી કે હવે પછી "શ્રી સત્ય સાઈ નેશનલ રન અને રાઈડ ફોર વેલ્યુ ફોર ધી સ્પિરીટ ઓફ યુનિટી" યોજાશે. જે ભારત દેશમાં ચારે ખૂણે, ૬૦ થી વધુ શહેરોમાં ૨૦૨૬ સુધી ચાલશે - જે "લવ ઓલ, સર્વ ઓલ", આપણે સૌ એકજ છીએ, 'એક ધર્મ - એક જાત'નો સંદેશો ફેલાવશે. શ્રી રત્નાકર અને શ્રી ચક્રવર્તીએ પાંચ મશાલ (ટોર્ચ) પ્રગટાવી કે જે દેશની પાંચ જુદી જુદી દિશાઓમાં ભગવાનનો સંદેશો લઈ જશે. ભારત સરકારના 'ફીટ ઈન્ડિયા મુવમેન્ટ'અંતર્ગત લેવાયેલ આ પહેલ છે. સ્ટેડીયમમાં આની પ્રતિકાત્મક દોડને લીલી ઝંડી દર્શાવવામાં આવી.

સાંજના સત્રમાં નેશનલ યુથ મેમ્બર્સ દ્વારા એક ભક્તિસંગીતનો કાર્યક્રમ રજુ થયો. ત્યારબાદ SSSCT ના મહાનુભાવો દ્વારા ભૂતપૂર્વ ક્રિકેટર શ્રી આલ્વિન આઈઝેક કાલીચરણ, શ્રી કે.એમ.રાવ, દાયકાઓ સુધી ઓલ ઈન્ડિયા રેડીયો પર કોમેન્ટ્રી આપનાર એવા હિન્દીના પ્રથમ કોમેન્ટટર શ્રી સુશીલકુમાર દોશી, શ્રી લાલચંદ સીતારામ રાજપુત, શ્રી એમ. વૈંકટરમણા, શ્રી અમીત રાણા, અમ્પાયર શ્રી વેદમ હરિહરન, શ્રી સદાશિવ ઐયર, શ્રી આગમ રાવ, હૈદ્રાબાદ ક્રિકેટ એસોસીએશનના વરિષ્ઠ સભ્ય અને SSSIHL ના આલ્મનસ નું સન્માન કરવામાં આવ્યું.

"શ્રી સત્ય સાઈ નેશનલ રન અને રાઈડ ફોર વેલ્યુ ફોર ધી સ્પિરીટ ઓફ યુનિટી" ના કન્વેનર અને મધ્યપ્રદેશ SSSSO ના રાજ્ય પ્રમુખ શ્રી અમિત દુબેએ સભાગૃહને સંબોધન કર્યું. ભગવાન શ્રી સત્ય સાઈબાબાની જન્મશતાબ્દિ ઉજવણી નિમિત્તે SSSSO એ ચાર પહેલ ઉપાડી છે (શરૂ કરી છે). **(૧) શ્રી સત્ય સાઈ પ્રેમપ્રવાહિની રથયાત્રા (૨) શ્રી સત્ય સાઈ શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલ (૩) શ્રી સત્ય સાઈ નેશનલ ક્રિકેટ લીગ અને (૪) શ્રી સત્ય સાઈ રન ફોર ધ સ્પિરીટ ઓફ યુનિટી.** આપણા વિશાળ દેશમાં આ પહેલ સૌ કોઈ માટે ખુલ્લી છે. ૬૦ થી વધુ શહેરોમાં ૨ કિ.મી., ૫ કિ.મી. અને ૧૦ કિ.મી. આ દોડ યોજાશે. પાંચ દીપ પાંચ નિશ્ચિત જગ્યાએ લઈ જવાશે અને ૩૧ મી ઓગષ્ટ ૨૦૨૫ થી એ પોતાની યાત્રા શરૂ કરીને ૮ મહિનામાં આશરે ૧૮૦૦૦ કિ.મી. અંતર કાપશે. આ દીપ, ફરી પાછા, ૨૪ મી એપ્રિલ ૨૦૨૬ના રોજ દિવ્ય સંન્નિધિ ખાતે લાવવામાં આવશે. શ્રીમતી હિમવાહિની રત્નાકર અને શ્રીમતી કમલા પંડ્યાએ જ્યાંથી પ્રથમ રન શરૂ થનાર છે એ કલકત્તાના સભ્યોને દીપ સોંપ્યો. ત્યારબાદ શ્રી કે. ચક્રવર્તી, શ્રી આર.જે.રત્નાકર, શ્રી નિમિષ પંડ્યાએ ચાર દીપ (મશાલ-ટોર્ચ) જમ્મુ એન્ડ કાશ્મીર, રાજસ્થાન, કન્યાકુમારી અને દીબ્રુગઢ ના રાજ્ય સભાસદોને સુપ્રત કર્યા.

**૪૦ મા એમબીએ ડે ની ઉજવણી.**

એમબીએ ડે નો ૪૦ મો વાર્ષિક સમારોહ, ભારે ઉત્સાહથી, ભાવપૂર્ણરીતે અને શુભ ભાવનાથી ૨૧ મી ઓગષ્ટે ઉજવાયો. ચાર-ચાર દાયકાઓ સુધી ભગવાને આપેલ અસીમ પ્રેમ, માર્ગદર્શન અને ઈન્સ્ટિટ્યુટના આ મુખ્ય કાર્યક્રમમાં વ્યક્તિગત ધ્યાન આપવા બદલ, SSSIHL ના ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ અને કોમર્સના વિદ્યાર્થીઓ, ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા સાઈ કુલવંત હોલમાં ભેવા થયા હતાં. ભણવા મળેલ દરેક પાઠ કે જેને 'એમના' શબ્દો વડે મહિમાન્વિત કરાયેલ હતો અને પ્રાપ્ત કરેલ દરેક સીમાચિન્હને એમના દિવ્ય હોવાથી કૃપાન્વિત કરવામાં આવેલ, એ બધી બાબતોને એમણે યાદ કરી વાગોળી હતી.

સાંજના સત્રમાં એમ.બી.એ. પ્રોગ્રામનો આરંભ થતા જ ભગવાને આ પ્રોગ્રામ પ્રત્યે આપેલ પૂરે પૂરા ધ્યાનની રજૂઆત કરતા વિદ્યાર્થીઓ દ્વારા ટુંકા પ્રવચનો થયા. એમણે આ કાર્યક્રમની વિશિષ્ટતાઓ રજુ કરી કે- આ કાર્યક્રમ પરંપરાગત મેનેજમેન્ટ અભ્યાસક્રમોથી તદ્દન અલગ છે -કારણ અહીં શિક્ષણનું ધ્યેય પરિવર્તન છે, કે જ્યાં મેનેજમેન્ટમાં મેળવેલ દુન્યવી શ્રેષ્ઠતાને પોતાના મેનેજમેન્ટ અને ચારિત્ર્ય નિર્માણના શાશ્વત મૂલ્યો સાથે ભેળવી દેવામાં આવે છે.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ રચેલા અને રજુ કરેલા મધુર ગીતો - સાઈ કુલવંત હોલમાં ગુંજી ઉઠ્યા. ત્યારબાદ એક વિશિષ્ટ અને મૌલિક રજુઆત થઈ જે સાત નાની કવિતાઓના સ્વરૂપે હતી જે અલગ અલગ ભારતીય ભાષાઓમાં રજુ થઈ હતી. આ કવિતાઓ ભગવાને આપેલ 'મેનેજર'ની વ્યાખ્યાની આસપાસ ગુંથાયેલી હતી. ભગવાને કહ્યા પ્રમાણે મેનેજરમાં **M**= માનવીનું મન, **A**= આત્માની સભાનતા, **N**= દેશોની પ્રકૃતિ, **A**= આસ્પેક્ટસ્ ઓફ એન્વાયરમેન્ટ (પર્યાવરણના પાસા), **G**= (ગુડ) સારા થવા માટે ગાઈડલાઈન્સ, **E**= ઈન્કવાયરી નૈતિકતાની, **R**= નિયમોનો રોલ. આ બહુભાષી કાવ્યાત્મક પ્રસ્તુતિ થકી, વિદ્યાર્થીઓએ, ભગવાનના મેનેજમેન્ટ એજ્યુકેશન પરત્વેના વૈશ્વિક અને કાલાતિત દષ્ટિકોણને રજુ કર્યો - કે જે જીવનના ઉચ્ચ હેતુઓ સ્વીકારવા, સંસ્કૃતિ અને વાણિજ્યની સીમાઓને પણ પાર કરે છે.

### SSSIHL નું ડિપાર્ટમેન્ટ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ્.

૨૨ મી ઓગષ્ટના રોજ SSSIHL ના ડિપાર્ટમેન્ટ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ ના વિદ્યાર્થીઓએ સાઈ કુલવંત હોલમાં ''પ્રાણ સખા મેરે સાઈ'' નામનો એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ રજુ કર્યો. જે સાચેજ અદ્ભુત હતો. યુવા સંગીતજ્ઞોએ શાસ્ત્રીય અને ભક્તિગીતોના પુષ્પગુચ્છમાં વિવિધતાસભર ગીતો રજુ કર્યા. એમાં પણ વીણાવાદનની સાથે -પારંપારિક અને આધુનિક સંગીતના એકત્ર જલસાનો સૌને આનંદ મળ્યો.

---

શ્રી સત્ય સાઈ અષ્ટોત્તર શત નામાવલી

## (૪) ઓમ શ્રી સાઈ સત્પુરુષાય નમઃ

વિશ્વવ્યાપી, શાશ્વત અંતરાત્માને માત્ર સચ્ચિદાનંદ રૂપેજ ઓળખી શકાય છે. સચ્ચિદાનંદ એટલે સત્, ચિત અને આનંદ. તે સદાકાળ, સર્વરૂપે અસ્તિત્વમાં છે, તે એકમેવ-અદ્વિતીયમ છે તે જ એકમાત્ર છે. તે એકમાત્ર પરમાત્માએ, 'એકોહમબહુસ્યામ'; હું એક જ છું અને તેમાંથી અનેક થાઉં છું એવું ઈચ્છ્યુ અને આ સમગ્ર સૃષ્ટિનું સર્જન થયું. આ ઈચ્છનાર ભગવાન બાબા જ છે. તેઓ જ સત્ છે. પુરુષ એટલેઃ પૂર્ણમ અનેન સર્વમ્ - જેના દ્વારા જ આ બધું પૂર્ણ થયું છે. પુરુષનો બીજો અર્થ થાય છે, જે પુર (દુર્ગ)માં નિવાસ કરે છે તે. દુર્ગ એટલે આ શરીર જે નવ દ્વાર અને પંચકોષોનું બનેલું છે. . 'દેહો દેવાલય પ્રોક્તો જીવો દેવ સનાતન', શરીર એક મંદિર છે અને અંદર રહેનાર ભગવાન છેઃ સત્ સ્વરૂપે, બાબા સર્વત્ર વ્યાપ્ત છે; અને પુરુષ તરીકે તેઓ આપણા શરીરમાં નિવાસ કરે છે.

સત્પુરુષનો અર્થ 'સારા મનુષ્ય', જ્યારે બાબા મનુષ્ય રૂપમાં છે ત્યારે તેઓ પ્રગટરૂપે, સ્પષ્ટ અને શક્તિશાળી છે. વ્યક્તિ સારી છે. કારણ કે તેણે વૈરાગ્ય પ્રાપ્ત કર્યું છે. સેવાભાવને પોષ્યો છે. અને તેમના દષ્ટિકોણને વિસ્તૃત કર્યો છે. કરુણાને વધારી છે, બધા સારા મનુષ્યોમાં, બધા સત્પુરુષોમાં જે પ્રેરણા શક્તિ કાર્ય કરે છે તે બાબા પોતે જ છે. તેઓ જ સત્પુરુષ છે, અને જેમના અંશરૂપે આ જગતના જે સારા મનુષ્યો છે તેઓ હળવા પ્રતિબિંબ સમાન છે.



શ્રીકૃષ્ણ જન્માષ્ટમી તથા ૭૯મી સ્વતંત્રતા દિન ઉજવણી




શ્રી સત્ય સાઇ યુનિટી કપ તથા શ્રી સત્ય સાઇ નેશનલ ક્રિકેટ લિગ.




શ્રી સત્ય સાઈ રન એન્ડ રાઇડ ફોર સ્પિરીટ ઓફ યુનિટી.

Publication Date : 20/09/2025

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 28

**સનાતન સારથિ**

Date of Posting 20th every month

RNI Regd. No. : 64353 / 96

Place of Posting - Vadodara (H.O.)



## પ્રભુના વિચારોમાં વિતાવેલ સમય સારુ ફળ આપે છે

બધા જ ભગવાનના બાળકો છે કોઈનેય ઈજા ન પહોંચાડો, કારણ એ ઈજા, તમારી ઉપર જ પ્રતિઅસર કરશે. જેવું વાવશો એવું જ પામશો. તમે નીંદણ (ઘાસફૂસ) વાવ્યું હોય, ત્યારે ફળના ઝાડને તમે ઉગાડી નહીં શકો. કેટલાક અજ્ઞાની વ્યક્તિઓ, ભજન કે અન્ય પૂજા–ઉપાસનાની કૃતિઓ પ્રત્યે હસે છે–ઉપહાસ કરે છે અને એ બધાને કિમતી સમયનો બગાડ હોવાનું દર્શાવે છે. આ લોકો, તમે ખેડેલા ભીના ખેતરોમાં, તમારા દ્વારા ડાંગરનું બિયારણ રેડતા જોશે તો હસશે અને એને કિંમતી ખાદ્ય સામગ્રીઓનો બગાડ છે એમ ગણાવશે. પણ તમે જાણો છો કે તમારા બિયારણના દરેક થેલાના બદલામાં, ધરતી માતા દશગણા કે વીસગણા જેટલું અનાજ તમને આપશે. પ્રભુના વિચારોમાં કે દિવ્યતાની આરાધનામાં વિતાવેલો સમય, એ વાસ્તવમાં સારી અને સાચી રીતે જ વિતાવેલ છે – કે જે તમને માનસિક શાંતિ અને હિંમતના સ્વરૂપમાં સમૃદ્ધ પાક આપશે.

**- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**

SCAN & PAY

આ પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા નો ક્યુઆર કોડ છે. આ કોડ મારફતે આપ સનાતન સારથિનું લવાજમ અથવા સહયોગ રાશિ જમા કરાવી શકો છો. માત્ર જમા કરાવ્યા પછી એની જાણ સતિષભાઈ બોકીલ અથવા વિશાલ અકોલકરને whatsapp ઉપર અવશ્ય કરવી જેથી, આપે જમા કરાવેલ રકમ ની નોંધ લઈ શકાય અને એ પ્રમાણે પાવતી બનાવી શકાય.

જય સાઈ રામ

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૪૬ ૪૯૯૫૩

**મુદ્રક : જય પ્રિન્ટર્સ**
૯૩૨, જીઆઇડીસી, મકરપુરા, વડોદરા.